श्रीगोकुलेन्दुर्जयति ।

श्रीमद्वल्लभाचार्यजीप्रणीत

बालबोध

अने

सिद्धान्तमुक्तावली.

ગુજરાતી ભાષાન્તર સાથે.

प्रकाशक

ભાગજી સૂરજી,

વડગાદી-મુંબઈ.

पहेली आवृत्ति २५००.

संवत् १९७२.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ७१५७ वर्गांक

पुस्तकनुं नाम [illegible]

विषय प२२६६ : २

श्रीगोकुलेन्दुर्जयति

श्रीमद्वल्लभाचार्यजीप्रणीत

बालबोध अने सिद्धान्तमुक्तावलि.

ગુજરાતી ભાષાંતર સહિત

ચતુર્થપંચમપીઠાધીશ્વર ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી વલ્લભાચાર્યજી
મહારાજ તથા ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી ગોકુલનાથજી
મહારાજ વગેરે ગોસ્વામી બાળકોની આજ્ઞાથી.

પ્રકાશક

પ્રાગજી સૂરજી

ઠે. વડગાદી, મુંબઈ.

પહેલી આવૃત્તિ ૨૫૦૦.

સંવત ૧૯૭૩.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કોપીરાઈટ-સંગ્રહ

The Cover and only first four pages are printed by K. R. Mitra, at the Manoranjan Press, 3 Sandhurst Road; All the remaining pages Printed by M. I. Desai, at the Gujrathi Printing Press, Sassoon Buildings E. Circle Fort; and published by V. H. Shastri, at Pragji Surji's, Khandbazar, Bombay.



શ્રીમદ્દેવકીનંદનાચાર્યજી મહારાજ.

આવિર્ભાવ	તિરોભાવ
૧૯૧૫ ચૈત્ર શુદી ૩.	૧૯૬૭ શ્રાવણ વદી ૨.

श्रीगोकुलेन्दुर्जयति.

પ્રકાશકના બે શબ્દો.

આજકાલ આપણે જોઇએ છીએ કે વૈષ્ણવ બાળકોને ધર્મશિક્ષા આપવાનો યોગ્ય પ્રબંધ ન હોવાથી તેઓ સ્વધર્મના સિદ્ધાન્તોથી અજાણ્યા રહે છે, અને તેને લીધે તેઓ સ્વધર્મથી વિમુખ થાય છે, અથવા ઉદાસીન રહે છે. ભાટિયા હાઇસ્કૂલને ખુલ્લી મુકવાની આજ્ઞા આપતાં આપણા પૂજ્યપાદ ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીવલ્લભાચાર્યજી મહારાજે આજ્ઞા કરી હતી કે " ધર્મશિક્ષા આપવાના સંબંધમાં આપણે મિશનરીઓનું અનુકરણ કરવું જોઇએ. જેમ તે લોકો સ્કૂલ, કૉલેજોમાં અભ્યાસ કરતા બાળકોને પોતાના ધર્મની શિક્ષા આપે છે, તેમ જ આપણે પણ આપણા બાળકોને સ્કૂલના શિક્ષણ સાથે જ ધર્મશિક્ષણ આપવું જોઇએ. " મહારાજશ્રીની આ આજ્ઞા અક્ષરશઃ સત્ય છે.

મ્હારા પૂજ્યગુરૂ ગોસ્વામિવર્ય શ્રી ૧૦૮ શ્રીદેવકીનન્દનાચાર્યજી મહારાજ પણ બાળકોને ધર્મશિક્ષા આપવાના સંબંધમાં વારંવાર આજ્ઞા કરતા હતા, અને તેવાં ધાર્મિક પુસ્તકો બહાર પાડવાં જોઇએ એવી તેઓશ્રીની આન્તરિક ઇચ્છા હતી. ઉપરોક્ત ઇચ્છા અને આજ્ઞાને માન આપી, તેઓશ્રીના પુત્ર અને મારા પૂજ્યપાદ ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી વલ્લભાચાર્યજી મહારાજની આજ્ઞા લઇઆજે આ બાલબોધ અને "સિદ્ધાન્તમુક્તાવલી" નામના બે ગ્રન્થો મથુરાનિવાસી ચતુર્વેદી પં. ગોવરધનજી અને વસંતરામ શાસ્ત્રી પાસે ભાષાંતર કરાવી પ્રકટ કરૂં છું. મને આશા છે કે ધર્મશિક્ષા આપનારી સંસ્થાઓ આનો યોગ્ય આદર તથા ઉપયોગ કરવાની મહેરબાની કરશે.

આ પુસ્તક પ્રકાશિત થવામાં સર્વ પ્રકારે કારણરૂપ મ્હારા ગુરૂદેવ છે, તેથી તેઓશ્રીના ચરણારવિંદમાં સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરી " **त्वदीयं वस्तु गोविन्द ! तुभ्यमेव समर्पये** " આ વાક્યનું ઉચ્ચારણ કરી સંતુષ્ટ થાઉં છું.

૧૯૭૩ મા. વદી ૯ }
(શ્રીગુસાંઇજીની જયંતી). }

પ્રાગજી સુરજી,
વારડન રોડ, મુંબઈ.

સૂચના.

જ્યાં સુધી આ પુસ્તકની નકલો સીલીકમાં હશે ત્યાં સુધી દરેક સાર્વજનિક પુસ્તકાલયોને, વિદ્યાર્થિઓને અને યોગ્ય અધિકારીઓને વિનામૂલ્ય આપવામાં આવશે.

પુસ્તક મળવાનું ઠેકાણું—

વૈષ્ણવધર્મપતાકા કાર્યાલય,

ચંદાવાડી–મુંબાઈ નં. ૪.

પ્રસ્તાવના.

પ્રાચીન સમયમાં નીચે લખેલાં ત્રણ મહત્ કાર્યો જે કરી દેખાડતા, તેમને રાજાઓ, વિદ્વાનો, પ્રજાના અગ્રેસરો 'આચાર્ય'ની મોટામાં મોટી પદવીથી અલંકૃત કરતા; એટલું જ નહિ, પણ તેમને ગુરુ તરીકે માનીને ઈશ્વરવત્ તેમની આજ્ઞા ઉઠાવતા અને સેવા પણ બજાવતા. તે મહત્ કાર્યો કયાં કયાં છે, તે હવે આપણે જોઈએ:—

૧. વેદ, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્‌ભાગવત એ ચાર સનાતન હિંદુ ધર્મનાં મુખ્ય ધર્મપુસ્તકો છે. એ ચારે ગ્રંથોઉપર ઉત્તમ ટીકા લખવી અને એ ચારે ગ્રંથોમાં જો કોઈ પરસ્પર વિરોધ આવતો હોય તો તેનું સમાધાન કરીને નવનીતરૂપ એક મુખ્ય સિદ્ધાંત તારવી લેવો. જે મુખ્ય સિદ્ધાંત તારવી લીધેલો હોય, તેને ઉપરના ચારે ધર્મગ્રંથોનો સંપૂર્ણ આધાર છે એમ પણ સાબીત કરી આપવું.

૨. સમગ્ર ભારતવર્ષની પ્રદક્ષિણા કરીને પોતે જે સિદ્ધાંત ઉપરના ચાર મહાગ્રંથોમાંથી તારવ્યો હોય, તે રાજા મહારાજાઓના આશ્રય નીચે રહેનારા મહાવિદ્વાન્ ધુરંધર પંડિતો તેમ જ બીજા જિજ્ઞાસુઓ સમક્ષ જાહેરમાં પ્રસિદ્ધ કરવો અને દરેકના મનમાં એ સિદ્ધાંત પૂરેપૂરો ઠસાવી દેવા યત્ન કરવો.

૩. જગત્‌માં બધા લોકો કાંઈ વિદ્વાન્ હોતા નથી, અને તેઓ વેદ, ગીતા, બ્યાસસૂત્ર, શ્રીમદ્‌ભાગવત જેવા મહાગહન સિદ્ધાંતોથી ભરપૂર ગ્રંથોનું મનન કરવાની શક્તિ ધરાવનારા હોય તે પણ સંભવતું નથી, માટે તેવા જનોનાં કલ્યાણાર્થે નાના ગ્રંથો પણ લખવા જોઈએ, અને તે સરલ ભાષામાં; જેને વાંચીને સાધારણ માણસો પણ ઉપર લખેલા મહાગ્રંથોનું રહસ્ય સમજવાને યોગ્યતા ધરાવનારા થઈ શકે.

આવી રીતે ઉપરના ત્રણે મહત્ કાર્યને સંપૂર્ણ રીતે બજાવીને, શ્રીમદ્વલ્લભાચાર્યજીએ 'આચાર્ય' પદવી પ્રાપ્ત કરી છે. ત્રણ વાર પૃથ્વીની પ્રદક્ષિણા કરીને રાજામહારાજાઓ, પંડિતો, લોકનાયકો વગેરે સમક્ષ પોતાના સિદ્ધાંતોનો વિજયધ્વજ ફરકાવ્યો છે, અને 'ડિંડિમનાદ કરીને જાહેરમાં સાબીત

કરી બતાવ્યું છે કે અમારા ઉપદેશને વેદનો, શ્રીગીતાજીનો, વ્યાસસૂત્રનો અને શ્રીમદ્‌ભાગવતનો સંપૂર્ણ આધાર છે. વળી તેઓશ્રીએ ઉપર જણાવેલા ચારે પ્રસ્થાનોનો સરલ અર્થ અને તેનું રહસ્ય પ્રકટ કરવાને અણુભાષ્ય, નિબંધ અને શ્રીસુબોધિનીજી જેવા વિદ્વાનોની વિદ્વત્તાના દર્પનું દલન કરનારા ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે. તેમ જ તેઓશ્રીએ નિજજનો ઉપર કૃપા કરીને, તેમને સીધો અને સહેલો માર્ગ બતાવવાને માટે એવા નાના ગ્રંથો પણ રચ્યા છે, જે ગ્રંથો અનેક ઋષિમુનિઓએ કરેલા ગ્રંથોના સારરૂપ અને ઉપર જણાવેલા ચાર મહાન્ ગ્રંથોના સિદ્ધાંતોના પણ તત્ત્વરૂપ છે. એ નાના ગ્રંથોને ષોડશ ગ્રંથો એ નામથી ઓળખવામાં આવે છે.

એ ષોડશ ગ્રંથોમાં ૧૬ ગ્રંથો છે, અને તેનાં નામો પણ ભિન્ન ભિન્ન છે. પહેલો ગ્રંથ શ્રીયમુનાષ્ટક છે. એ ગ્રંથમાં શ્રીયમુનાજીનાં સ્વરૂપનું વર્ણન અને તેની સ્તુતિ, તેમ તે સ્તુતિ કરવાથી પ્રાપ્ત થતાં અલૌકિક ફલો વગેરેનું વર્ણન છે.

બીજો ગ્રંથ બાલબોધ છે. એ ગ્રંથના નામ ઉપરથી જ જણાય છે કે જેઓ ગહન સિદ્ધાંતોથી ભરપૂર એવા પહેલાં જણાવેલા ગ્રંથોનું રહસ્ય સમજવાને બાળક છે, એટલે કે શક્તિમાન્ નથી, તે લોકોને બોધ એટલે જ્ઞાન થવા માટે આ ગ્રંથ લખાયલો છે. જે લોકો એવી જાતના બાળકો હોય છે, તેઓના મનમાં વારંવાર એમ આવ્યા કરે છે કે આપણે અહિં આવીને શો પુરુષાર્થ સિદ્ધ કર્યો? આવો વિચાર આવતાંની સાથે તેઓ પુરુષાર્થ તે શું, અને તે કેટલા, અને તે કેમ સિદ્ધ થાય એવી મુંઝવણમાં આવી પડે છે. એ મુંઝવણમાંથી નિકળવાને પોતાની બુદ્ધિ જેમાં કામ કરી શકે તેમ હોય તેવાં શાસ્ત્રો વાંચીને તેનો સાર સમજ્યા વિના ગમે તેવા માર્ગ ઉપર ચડી જાય છે. તેવા લોકોને સીધો, સુગમ, ઉજ્જવલ માર્ગ બતાવવાને માટે, અને પુરુષાર્થસંબંધમાં તેઓની જે ભ્રાન્તિ અણસમજને લીધે ઉદ્‌ભવેલી છે, તે દૂર કરવા માટે આ બાલબોધ ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલો છે. ખચિત જ, તેનું મનન કરવાથી પુરુષાર્થ શું, તે કેટલા અને કેમ સિદ્ધ કરવા એ પ્રશ્નોનાં સંતોષકારક સમાધાન અવશ્ય થશે જ થશે.

॥ श्रीगो[illegible]लेन्दुर्जयति ॥

॥ श्रीकृष्णाय नमः ॥

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

अथ श्रीमद्वल्लभाचार्यचरणप्रणीतः

बालबोधः ।

વેદ, ગીતા, પુરાણ વગેરે મહાન્ ગ્રંથોમાં જે મોટા મોટા સિદ્ધાંતો વિસ્તારથી વર્ણવ્યા છે, તેને સંક્ષેપથી અને સરલતાથી બાળકોને સમજાવવા માટે આ (બાલબોધ) ગ્રંથ શ્રીમદ્વલ્લભાચાર્યચરણે રચેલો છે. એ ગ્રંથનો પહેલો શ્લોક નીચે મુજબ છેઃ—

नत्वा हरिं सदानन्दं सर्वसिद्धान्तसंग्रहम् ॥
बालप्रबोधनार्थाय वदामि सुविनिश्चितम् ॥ १ ॥

पदार्थः—नत्वा (નમન કરીને) हरिं (શ્રીહરિને) सदानन्दं (સત્સ્વરૂપ અને આનંદસ્વરૂપ એવા) सर्वसिद्धांतसंग्रहं (સર્વે સિદ્ધાંતોના સંગ્રહને) बालप्रबोधनार्थाय (બાળકોને સારી પેઠે બોધ થવા માટે) वदामि (હું કહું છું) सुविनिश्चितम् (ચોક્કસ રીતે નિશ્ચય કરેલા.)

ભાવાર્થઃ—[1]સતસ્વરૂપ અને આનંદસ્વરૂપ એવા શ્રી [2]હરિને નમન કરીને બાલકોને સારી પેઠે બોધ થવા માટે ચોક્કસ રીતે નિશ્ચય કરેલા સર્વે સિદ્ધાંતોના સંગ્રહને હું કહું છું.

---

૧ સત્સ્વરૂપ એટલે જે ત્રણે કાલમાં સત્તા ધરાવે તે. ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાલમાં પ્રભુ છે, માટે તે સતસ્વરૂપ કહેવાય છે.

મુખ્ય ચાર પુરુષાર્થો છે, તે શ્રીમદ્દાચાર્યજી ગણાવે છેઃ–

धर्मार्थकाममोक्षाख्याश्चत्वारोऽर्था मनीषिणाम् ॥
जीवेश्वरविचारेण द्विधा ते हि विचारिताः ॥ २ ॥

પદાર્થઃ–धर्मार्थकाममोक्षाख्याः (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ નામના) चत्वारः (ચાર), अर्थाः (પુરુષાર્થો), मनीषिणाम् (બુદ્ધિમાન્ પુરુષોના) जीवेश्वरविचारेण (જીવના અને ઈશ્વરના વિચારે કરીને), द्विधा (બે રીતે) ते (તે પુરુષાર્થો) हि (ખચિત) विचारिताः (વિચારવામાં આવેલા છે.)

ભાવાર્થઃ–બુદ્ધિમાન્[1] પુરુષોના ૧ ધર્મ, ૨ અર્થ, ૩ કામ અને ૪ મોક્ષ એ નામના ચાર પુરુષાર્થો છે. તે પુરુષાર્થો જીવના[2] અને ઈશ્વરના વિચારે કરીને ખચિત જ બે રીતે વિચારવામાં આવેલા છે.

વળી પ્રભુનું સ્વરૂપ આનંદરૂપ છે. પરમાત્માનું સ્વરૂપ આનંદમય જ છે. વેદ કહે છે કે પ્રભુના સ્વરૂપમાં જ્યાં જુઓ ત્યાં આનંદ સિવાય બીજું કાંઈ છે જ નહિ. તેમ જ ઉપનિષદ્‌માં પણ કહ્યું છે કે कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृत्तिवाचकः । तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते ॥ કૃષ્ણ શબ્દમાં 'કૃષ્' એટલા અક્ષર પ્રભુનાં સત્સ્વરૂપને જણાવે છે અને 'ણ' એ અક્ષર આનંદરૂપને ઓળખાવે છે. બન્ને મળીને સદાનંદ શ્રીકૃષ્ણ કહેવાય છે. ૨ સર્વનાં દુઃખોને હરનાર પરમાત્મા તે શ્રીહરિ.

૧ જેઓ અમુક પ્રકારના નિશ્ચય ઉપર આવી ગયલા હોય અને જેમને વેદ વગેરેમાં મુદ્દલે સંદેહ ન રહ્યો હોય તે બુદ્ધિમાન્ સમજવા.

૨ એ ચાર પુરુષાર્થોનો વિચાર બે પ્રકારે થયલો છે. જીવોએ પણ તેનો વિચાર કરેલો છે, અને ઈશ્વરે પણ તેનો વિચાર કરેલો છે, માટે તે પુરુષાર્થોનો વિચાર બે રીતે થયલો છે, એમ સમજવું. જીવોએ વિચાર કરીને પુરુષાર્થોનું જે સ્વરૂપ કલ્પ્યું હોય તે લૌકિક સમજવું, અને ઈશ્વરે વેદમાં જે પુરુષાર્થો બતાવ્યા છે, તે અલૌકિક જાણવા.

ઈશ્વરે જે પુરુષાર્થોનો વિચાર કરેલો છે, તે અલૌકિક કહેવાય છે, અને જીવોએ જે પુરુષાર્થોનો વિચાર કરેલો છે, તે લૌકિક કહેવાય છે. એ બન્નેનું સ્વરૂપ આપ શ્રી સમજાવે છે:–

अलौकिकास्तु वेदोक्ताः साध्यसाधनसंयुताः ॥

लौकिका ऋषिभिः प्रोक्तास्तथैवेश्वरशिक्षया ॥ ३ ॥

પદાર્થ–अलौकिकाः (અલૌકિક) तु (તો) वेदोक्ताः (વેદમાં કહેલા છે) साध्यसाधनसंयुताः (સાધ્ય અને સાધનની સાથે) लौकिकाः (લૌકિક) ऋषिभिः (ઋષિઓએ) प्रोक्ताः (વિસ્તારથી કહેલા છે) तथा (તેવી રીતે) एव (જ) ईश्वरशिक्षया (ઈશ્વરની શિક્ષા પ્રમાણે.)

ભાવાર્થ:–અલૌકિક[1] (પુરુષાર્થો) તો સાધ્ય[2] અને સાધનની સાથે વેદમાં કહેલા છે. તેવી જ રીતે ઈશ્વરની[3] શિક્ષા પ્રમાણે લૌકિક (પુરુષાર્થો) (પણ) ઋષિઓએ વિસ્તારથી કહેલા છે. ૩

લૌકિક પુરુષાર્થનું સ્પષ્ટીકરણ કરે છે.

लौकिकांस्तु प्रवक्ष्यामि वेदादाद्या यतः स्थिताः ॥

धर्मशास्त्राणि नीतिश्च कामशास्त्राणि च क्रमात् ॥ ४ ॥

---

૧ લૌકિક પુરુષોર્થોનું સ્વરૂપ આગળ ઉપર બતાવવામાં આવશે. તે લૌકિક પુરુષાર્થો કરતાં અલૌકિક પુરુષાર્થોનું સ્વરૂપ કાંઇક વિલક્ષણ છે. તે આ પ્રમાણે:–**ધર્મ** એટલે યજ્ઞરૂપી વિષ્ણુ ભગવાન્. **અર્થ** એટલે યજ્ઞ માટે જ જે દ્રવ્યનો ઉપયોગ થાય તે. **કામ** એટલે પરમાત્માના સુખનો અનુભવ. **મોક્ષ** એટલે દુ:ખનો નાશ થઇને અખંડ સુખની પ્રાપ્તિ થવી તે.

૨ સાધ્ય એટલે સિદ્ધ કરવા યોગ્ય, જેમ કે યજ્ઞ. સાધન એટલે ઉપયોગી થઈ પડનારા પદાર્થો; જેમ કે યજ્ઞમાં ઉપયોગી ગાય, સોમરસ વગેરે.

૩ વેદની આજ્ઞાને અનુસરીને, અથવા ઈશ્વરની પ્રેરણાથી.

त्रिवर्गसाधकानीति न तन्निर्णय उच्यते ॥

पदार्थ—लौकिकान् (લૌકિક પુરુર્થોને) तु (તો) प्रवक्ष्यामि (વિસ્તારથી કહીશ) वेदात् (વેદથી) आद्याः (અલૌકિક પુરુષાર્થો) यतः (કારણ કે) स्थिताः (સિદ્ધ થયલા છે) धर्मशास्त्राणि (ધર્મશાસ્ત્રો) नीतिः (અર્થશાસ્ત્ર) च (અને) कामशास्त्राणि (કામશાસ્ત્રો) च (અને) क्रमात् (અનુક્રમે) त्रिवर्गसाधकानि (ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થને સિદ્ધ કરનારાં છે) इति (એટલા માટે) न (નહિ) तन्निर्णयः (એ ત્રણેનો નિર્ણય) उच्यते (કહેવાય.)

ભાવાર્થઃ—લૌકિક પુરુષાર્થોને તો હું વિસ્તારથી કહીશ, કારણ કે અલૌકિક પુરુષાર્થો[1] તો વેદથી જ સિદ્ધ થયલા છે. ધર્મશાસ્ત્રો,[2] નીતિશાસ્ત્ર અને કામશાસ્ત્ર એ ત્રણે શાસ્ત્રો અનુક્રમે ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરુષાર્થોને સિદ્ધ કરનારાં છે, એટલા માટે એ ત્રણેનો નિર્ણય કહેવામાં આવશે નહિ.

---

૧ અલૌકિક પુરુષાર્થો તો વેદથી સારી પેઠે સાબીત થયલા છે માટે તે અહીં કહેવાની જરૂર નથી, પણ લૌકિક પુરુષાર્થોનું સ્પષ્ટીકરણ કરવાની જરૂર છે. લૌકિક અને અલૌકિક પુરુષાર્થોનાં નામ એકસરખાં જ છે પણ અર્થ જુદા છે, એમ પહેલાં લખેલાં ટિપ્પણથી સમજી લેવું.

૨ લૌકિક ચાર પુરુષાર્થોમાં પણ છેલ્લા મોક્ષ સિવાયના પહેલા ત્રણ પુરુષાર્થો ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને કામશાસ્ત્રથી સ્પષ્ટ થયલા છે, માટે તેનો નિર્ણય કરવાની કાંઈ જરૂર નથી. માત્ર લૌકિક મોક્ષનો જ નિર્ણય આ ગ્રંથમાં કરવામાં આવશે. ધર્મશાસ્ત્ર એટલે મનુ વગેરે ઋષિ–મહર્ષિઓએ બનાવેલા સ્મૃતિ ગ્રંથો. નીતિશાસ્ત્ર એટલે બૃહસ્પતિ વગેરે અર્થશાસ્ત્રના મહાન્ જાણકારોએ બનાવેલું શાસ્ત્ર. કામશાસ્ત્ર એટલે વાત્સ્યાયન વગેરે મહર્ષિઓએ બનાવેલું શાસ્ત્ર.

લૌકિક મોક્ષનું વિસ્તાર સાથે આચાર્યશ્રી નિરૂપણ કરે છેઃ-

मोक्षे चत्वारि शास्त्राणि लौकिके परतः स्वतः ॥ ५ ॥
द्विधा द्वे द्वे स्वतस्तत्र सांख्ययोगौ प्रकीर्तितौ ॥

પદાર્થઃ-मोक्षे (મોક્ષમાં) चत्वारि (ચાર) शास्त्राणि (શાસ્ત્રો) लौकिके (જીવોએ વિચારેલા) परतः (બીજાથી) स्वतः (પોતાનાથી) द्विधा (બે પ્રકારનાં) द्वे द्वे (બે બે શાસ્ત્રો) स्वतः (પોતાથી) (સિદ્ધ થતો મોક્ષ) तत्र (તેમાં) सांख्ययोगौ (સાંખ્યશાસ્ત્ર અને યોગશાસ્ત્ર) प्रकीर्तितौ (સારી પેઠે કહેલાં છે.)

ભાવાર્થઃ-જીવોએ વિચારેલા [1]મોક્ષમાં ચાર શાસ્ત્રો છે. બીજાથી સિદ્ધ થનારા મોક્ષના અને પોતાનાથી સિદ્ધ થનારા મોક્ષના એમ બે પ્રકારનાં બે બે[2] શાસ્ત્રો છે. પોતાનાથી સિદ્ધ થતા મોક્ષનાં શાસ્ત્રો તરીકે સાંખ્યશાસ્ત્ર અને યોગશાસ્ત્ર કહેલાં છે.

---

૧ સંસારના બંધનથી છૂટી શકાય તેવો પુરુષાર્થ તે મોક્ષ.

૨ લૌકિક મોક્ષના બધા મળીને ચાર ભેદ છે. મુખ્ય બે ભેદ છે. **એક ભેદ** તો બીજાથી એટલે કોઈ દેવની કૃપાથી મોક્ષ પ્રાપ્ત કરવો તે. તે વિષ્ણુથી અને શિવથી એમ બે પ્રકારથી મળે છે એમ આગળ ઉપર કહેશે. **બીજો ભેદ** પોતાનાથી મેળવી શકાય એવો મોક્ષ પોતે જ પ્રાપ્ત કરવો તે છે. તે સાંખ્યશાસ્ત્ર અને યોગશાસ્ત્રથી મળી શકે છે, માટે તેના પણ બે પ્રકાર થયા. બધા મળીને ચાર પ્રકાર સમજવા.

આ સિદ્ધાંતો નીચેના કોષ્ટકથી સારી રીતે સમજાશે:—

- પુરુષાર્થ.
  - અલૌકિક (વેદથી સિદ્ધ).
    - ધર્મ.
    - અર્થ.
    - કામ.
    - મોક્ષ.
  - લૌકિક (મનુસ્મૃતિ વગેરેથી સિદ્ધ).
    - ધર્મ.
    - અર્થ.
    - કામ.
    - મોક્ષ.
      - પરત: (બીજાથી).
        - વિષ્ણુથી.
        - શિવથી.
      - સ્વંત: (પોતાથી).
        - સાંખ્ય.
        - યોગ.

સાંખ્ય અને યોગનું સ્વરૂપ સમજાવે છે:-

त्यागात्यागविभागेन सांख्ये त्यागः प्रकीर्तितः ॥ ६ ॥
अहंताममतानाशे सर्वथा निरहंकृतौ ॥
स्वरूपस्थो यदा जीवः कृतार्थः स निगद्यते ॥ ७ ॥

પદાર્થ:-त्यागात्यागविभागेन (ત્યાગ અને અત્યાગ એવા બે ભેદથી) सांख्ये (સાંખ્યશાસ્ત્રમાં) त्यागः (ત્યાગ) प्रकीर्तितः (કહેલો છે.) अहंताममतानाशे (હુંપણાનો અને મમતાનો નાશ થાય ત્યારે) सर्वथा (સર્વાંશે) निरहंकृतौ (અહંકારરહિત થાય ત્યારે) स्वरूपस्थः (પોતાના સ્વરૂપમાં રહેનારો) यदा (જ્યારે) जीवः (જીવાત્મા) कृतार्थः (કૃતાર્થ) सः (તે) जीवः (જીવ) निगद्यते (કહેવાય છે.)

ભાવાર્થ:-ત્યાગ[1] કરવો અને ત્યાગ ન કરવો એવા બે ભેદવડે (સાંખ્ય અને યોગનું સ્વરૂપ સમજવું.) સાંખ્યશાસ્ત્રમાં ત્યાગ કહેલો છે. હું[2]પણાનો અને મમતા-મારાપણાનો જ્યારે નાશ થાય અને સર્વાંશે અહંકારરહિત થાય અને જીવાત્મા પોતાના સ્વરૂપમાં રહે, ત્યારે તે જીવ કૃતાર્થ કહેવાય છે.

સાંખ્યશાસ્ત્રના ઉપર બતાવેલા મોક્ષ માટે પ્રમાણનો વિચાર કહે છે:-

तदर्थं प्रक्रिया काचित् पुराणेषु निरूपिता ॥
ऋषिभिर्बहुधा प्रोक्ता फलमेकमबाह्यतः ॥ ८ ॥

પદાર્થ:-तदर्थं (તે સાંખ્યશાસ્ત્રમાં માનેલા ઉપર કહેલા મોક્ષ માટે)

---

૧ બધાને છોડી દેવું તે. ૨ જીવને અહંતામમતારૂપી સંસાર લાગુ પડેલો છે. જ્યારે અજ્ઞાન દૂર થાય ત્યારે તેનો નાશ થાય છે, અને પછી તેને બીલકુલ અહંકાર રહેતો નથી.

प्रक्रिया (સાંખ્યનો માર્ગ) काचित् (કોઇક) पुराणेषु (પુરાણોમાં) निरूपिता (બતાવવામાં આવેલો છે.) ऋषिभिः (ઋષિઓએ) बहुधा (ઘણે પ્રકારે) प्रोक्ता (કહેલો છે) फलं (ફલ) एकं (એક સરખું છે.) अबाह्यतः (બાહ્ય સાંખ્યને છોડીને.)

ભાવાર્થઃ—તે સાંખ્યશાસ્ત્રમાં માનેલા, ઉપર કહેલા મોક્ષ માટે કોઇક સાંખ્ય માર્ગ પુરાણોમાં બતાવવામાં આવેલો છે, ત્યાં ઋષિઓએ ઘણે પ્રકારે કહેલો છે. બધાનું ફલ એક સરખું છે. માત્ર [1]ઈશ્વરને નહિ માનનારાં સાંખ્યને છોડીને બીજાં પુરાણોમાં બતાવેલાં સાંખ્યોનું ફલ એક જ છે.

જેમાં ત્યાગ થતો નથી, એવા યોગમાર્ગનું સ્વરૂપ બતાવે છેઃ—

अत्यागे योगमार्गो हि त्यागोऽपि मनसैव हि ॥
यमादयस्तु कर्तव्याः सिद्धे योगे कृतार्थता ॥ ९ ॥

पदार्थः—अत्यागे (ત્યાગ ન કરવામાં) योगमार्गः (યોગનો માર્ગ) हि (યોગ્ય છે.) त्यागः (ત્યાગ) अपि (પણ) मनसा (મનવડે) एव (જ) हि (ખચિતજ છે.) यमादयः (યમ વગેરે) तु (અને) कर्तव्याः (કરવા જોઇએ) (સિદ્ધ થયા પછી) योगे (યોગ માર્ગ) कृतार्थता (કૃતાર્થપણું છે.)

ભાવાર્થઃ—ત્યાગ ન કરવામાં [2]યોગનો માર્ગ યોગ્ય છે. ત્યાગ [3]પણ

---

૧ સાંખ્યશાસ્ત્ર પુરાણોમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે વર્ણવ્યું છે. પુરાણોમાં વર્ણવેલું સાંખ્ય પ્રમાણ તરીકે માની શકાય છે. જે સાંખ્ય પુરાણોમાં વર્ણવેલું નથી, જે સાંખ્ય ઈશ્વરને પણ માનતું નથી, તે સાંખ્ય પ્રમાણરૂપ ગણાતું નથી, માટે તેનો ત્યાગ કરીને પુરાણોમાં વર્ણવેલાં બીજાં સાંખ્યશાસ્ત્રોનું ફલ એક સરખું જ છે, એમ સમજવું. ૨ ચિત્તવૃત્તિનો નિરોધ થવો તે યોગ. ૩ યોગમાર્ગમાં પણ 'હું કાંઈ કરતો નથી' એમ મનથી ત્યાગ કરીને યોગ સાધવાનો છે.

મનવડે તો ઉચિત જ કરવાનો છે. અને યમ[1] વગેરે કરવા જોઇએ. યોગ સિદ્ધ થયા પછી કૃતાર્થપણું છે.

પોતાનાથી સિદ્ધ થઈ શકે એવા મોક્ષના સાંખ્ય અને યોગ એવા બે માર્ગ બતાવીને હવે બીજાથી થનારા મોક્ષનું વિવેચન કરે છેઃ-

पराश्रयेण मोक्षस्तु द्विधा सोऽपि निरूप्यते ॥

પદાર્થઃ-पराश्रयेण (બીજા દેવના આશ્રયથી) मोक्षः (મોક્ષ) तु (તો) द्विधा (બે પ્રકારનો છે.) सः (તે) अपि (પણ) निरूप्यते (નિરૂપણ કરાય છે.)

ભાવાર્થઃ-બીજા દેવના આશ્રયથી થતો મોક્ષ બે પ્રકારનો છે. તે પણ નિરૂપણ કરાય છે.

એ મોક્ષના બે પ્રકારને વિસ્તારથી આપ શ્રી સ્પષ્ટ કરે છેઃ-

ब्रह्मा ब्राह्मणतां यातस्तद्रूपेण सुसेव्यते ॥ १० ॥

ते सर्वार्था न चाद्येन शास्त्रं किंचिदुदीरितम् ॥

પદાર્થઃ-ब्रह्मा (બ્રહ્માજી) ब्राह्मणतां (બ્રાહ્મણપણાને) यातः (પ્રાપ્ત થયલા છે.) तद्रूपेण (તેજ રૂપે) सुसेव्यते (સારી પેઠે સેવાય છે.) ते (તે) सर्वार्थाः (સર્વે પુરુષાર્થો) न (સિદ્ધ ન થાય) च (અને) आद्येन (બ્રહ્માએ) शास्त्रं (વૈખાનસતંત્ર નામનું મોક્ષશાસ્ત્ર) किंचित् (કાંઇક) उदीरितम् (કહેલું છે.)

ભાવાર્થઃ-બ્રહ્માજી[2] બ્રાહ્મણપણાને પ્રાપ્ત થયલા છે, માંટે તેજ

---

૧ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, અને સમાધિ એ આઠ અંગ યોગનાં છે.

૨ સત્ત્વગુણ, રજોગુણ, અને તમોગુણ એ સદ્રૂપ પ્રકૃતિના ત્રણ ગુણ છે. સત્ત્વગુણના અધિષ્ઠાતા વિષ્ણુ છે, રજોગુણના બ્રહ્મા અને તમો-

રૂપે[1] સારી પેઠે સેવાય છે. અને બ્રહ્માથી તે પુરુષાર્થો સિદ્ધ ન થાય. બ્રહ્માએ વૈખાનસ તંત્ર નામનું મોક્ષશાસ્ત્ર કાંઇક કહેલું છે.

બ્રહ્માજીથી પુરુષાર્થો સિદ્ધ થતા નથી એમ નિર્ણય કરીને પુરુષાર્થોના દાતા શિવ અને વિષ્ણુ જ છે એમ નિરૂપણ કરે છેઃ–

अतः शिवश्च विष्णुश्च जगतो हितकारकौ ॥ ११ ॥
वस्तुनः स्थितिसंहारौ कार्यौ शास्त्रप्रवर्तकौ ॥
ब्रह्मैव तादृशं यस्मात् सर्वात्मकतयोदितौ ॥ १२ ॥
निर्दोषपूर्णगुणता तत्तच्छास्त्रे तयोः कृता ॥

પદાર્થઃ–अत: (એ કારણથી) शिव: (શિવ) च (અને) विष्णु: (વિષ્ણુ) च (અને) जगत: (જગતના) हितकारकौ (હિત કરનારા છે). वस्तुन: (વસ્તુના) स्थितिसंहारौ (પાલન અને સંહાર) कार्यौ (કાર્યરૂપ છે) शास्त्रप्रवर्तकौ (શાસ્ત્રને પ્રવર્તાવનારા છે). ब्रह्म (બ્રહ્મ) एव (જ) तादृशं (તેવું છે). यस्मात् (કારણ કે) सर्वात्मकतया (સર્વસ્વરૂપપણાથી) उदितौ (કહેલા છે). निर्दोषपूर्णगुणता (નિર્દોષપણું અને પૂર્ણગુણપણું) तत्तच्छास्त्रे (તે તે શાસ્ત્રમાં) तयो: (શિવ અને વિષ્ણુનું) कृता (સિદ્ધ કરેલું છે).

ગુણના શિવજી છે. જેમં બ્રાહ્મણો પોતપોતાનું વર્ણાશ્રમકર્મ કરે જાય છે, તેમ પ્રભુની આજ્ઞા પ્રમાણે બ્રહ્માજી પણ માત્ર સૃષ્ટિ કરવાનું કાર્ય જ કરે છે, અને તે જ રૂપે તે સેવાય પણ છે, માટે તે મોક્ષ નથી આપતા. મોક્ષ આપવા માંડે તો સૃષ્ટિ રચી શકે નહિ. તેમનાથી સર્વ પુરુષાર્થો સિદ્ધ નથી થતા. કોઇક વાર અર્થકામ હિરણ્યકશિપુ વગેરેને બ્રહ્માજીથી સિદ્ધ થયલા જણાયા છે, પરંતુ તે પરિણામે દુઃખકારક નીવડ્યા છે, માટે બ્રહ્મા પુરુષાર્થ આપી શકતા નથી. જો કે બ્રહ્માજીએ વૈખાનસ શાસ્ત્રમાં મોક્ષનું સ્વરૂપ કહ્યું છે, પણ તે પોતે મોક્ષ આપી શકતા નથી.

૧. વેદ ભણનારાઓ બ્રહ્માને અવશ્ય પૂજે છે.

ભાવાર્થ:—એ કારણથી[1] વિષ્ણુ અને શિવ જગતના હિત કરનારા છે, અને પાલન[2] અને સંહાર એ એમના કાર્યરૂપ છે. શાસ્ત્ર[3]ને પ્રવર્તાવનારા છે. કારણ કે બ્રહ્મ[4] જ તેવું (સર્વરૂપ) છે. (માટે) સર્વસ્વરૂપપણાથી તેઓને કહેલા છે. તે તે શાસ્ત્રમાં શિવ અને વિષ્ણુનું નિર્દોષપણું અને પૂર્ણગુણપણું સિદ્ધ કરેલું છે.

વિષ્ણુ અને શિવ પોતપોતાના ગુણને યોગ્ય હોય એવું ફલ આપે છે એમ પ્રતિપાદન કરે છેઃ—

भोगमोक्षफले दातुं शक्तौ द्वावपि यद्यपि ॥
भोगः शिवेन मोक्षस्तु विष्णुनेति विनिश्चयः ॥ १३ ॥

પદાર્થ:—भोगमोक्षफले (ભોગ અને મોક્ષરૂપ બે ફલ) दातुं (આપવાને) शक्तौ (સમર્થ છે.) द्वौ (બન્ને) अपि (પણ) यद्यपि (જો કે) भोगः (ભોગ) शिवेन (શિવથી) मोक्षः (મોક્ષ) तु (તો) विष्णुना (વિષ્ણુથી) इति (એવી રીતે) विनिश्चयः (વિશેષ કરીને નિશ્ચય થયલો છે).

ભાવાર્થ:—ભોગ[6] અને મોક્ષરૂપ બે ફલ આપવાને જો કે વિષ્ણુ

---

૧ બ્રહ્માજીથી પુરુષાર્થો સિદ્ધ થઈ શકે એમ ન હોવાથી. ૨ વિષ્ણુ સત્ત્વગુણના અધિષ્ઠાતા હોવાથી પાલન કરે છે. શંકર તમોગુણના અધિષ્ઠાતા હોવાથી સંહાર કરે છે. ૩ વિષ્ણુ સત્ત્વગુણનાં શાસ્ત્રો પ્રવર્તાવે છે. શંકર તમોગુણનાં શાસ્ત્રો પ્રવર્તાવે છે. ૪ બ્રહ્મ તેવા તેવા કાર્ય માટે તે તે રૂપે તે તે નામો ધરીને પ્રકટ થાય છે, એટલે કે પાલન અને સંહાર માટે વિષ્ણુ અને શિવરૂપે વિષ્ણુ અને શિવ એવાં નામો ધરીને પ્રકટ થાય છે. ૫ વૈષ્ણવ શાસ્ત્રોમાં વિષ્ણુનું નિર્દોષપણું અને પૂર્ણગુણપણું અને શૈવ શાસ્ત્રોમાં શિવજીનું નિર્દોષપણું અને પૂર્ણગુણપણું કહેલું છે. ૬ શિવ અને વિષ્ણુ, ભગવાનના ગુણનાજ અવતાર છે, માટે બન્ને ભોગ અને મોક્ષ આપી શકે છે.

અને શિવ બન્ને સમર્થ છે, તોપણ ભોગ શિવજીથી અને મોક્ષ વિષ્ણુથી (મળે છે) એમ વિશેષે કરીને નિશ્ચય થયલો છે.

ઉપરનો સિદ્ધાંત દૃઢ કરવા માટે લૌકિક યુક્તિ બતાવે છેઃ–

लोकेऽपि यत् प्रभुर्भुंक्ते तन्न यच्छति कर्हिचित् ॥
अतिप्रियाय तदपि दीयते क्वचिदेव हि ॥ १४ ॥

પદાર્થઃ–लोके (લોકમાં) अपि (પણ) यत् (જેને) प्रभुः (સમર્થ પુરુષ) भुंक्ते (ભોગવે છે) तत् (તે) न (નહિ) यच्छति (આપે) कर्हिचित् (કોઇને પણ) अतिप्रियाय (અત્યંત પ્રિય હોય તેને) तत् (તે) अपि (પણ) दीयते (આપવામાં આવે છે.) क्वचित् (કોઇક વેળાએ) एव (જ) हि (ખચિત.)

ભાવાર્થઃ–લોકમાં પણ સમર્થ પુરુષ જેને પોતે ભોગવે છે, તેને બીજા કોઇને પણ નહિ આપે. પણ કોઈ અત્યંત પ્રિય હોય તો તેને ખચિત કોઇક વેળાએ જ આપવામાં આવે છે.

શિવ અથવા વિષ્ણુ ભોગને અથવા મોક્ષને જ આપે એવો નિયમ માનવામાં કારણ બતાવે છેઃ–

नियतार्थप्रदानेन तदीयत्वं तदाश्रयः ॥
प्रत्येकं साधनं चैतद् द्वितीयार्थे महाञ् श्रमः ॥ १५ ॥

પદાર્થઃ–नियतार्थप्रदानेन (નિયમિત કરેલા અર્થનું દાન કરવાથી) तदीयत्वं (તેનાપણું) तदाश्रयः (તેનો આશ્રય છે.) प्रत्येकं (દરેક પ્રત્યે) साधनं (સાધન છે) च (અને) एतत् (આ) द्वितीयार्थे (બીજાને માટે) महान् (મોટો) श्रमः (શ્રમ) છે.

ભાવાર્થઃ–નિયમિત[1] કરેલા અર્થનું દાન કરવા વડે તેનાપણું

---

૧. પહેલાં એવું સિદ્ધ થયું છે કે, શિવજી પોતાના કોઇક અત્યંત પ્રિય ભક્તને નિયમિત રીતે મોક્ષ આપે છે, અને વિષ્ણુ પોતાના અત્યંત

અને તેનો આશ્રય (સિદ્ધ થાય છે), એ દરેક પ્રત્યે સાધન[1] છે. બીજાને માટે તો મોટો શ્રમ છે.

ત્યારે શું કરવું જોઈએ તે આપ શ્રી ઉપદેશે છે:-

जीवाः स्वभावतो दुष्टा दोषाभावाय सर्वदा ॥
श्रवणादि ततः प्रेम्णा सर्वं कार्यं हि सिध्यति ॥ १६ ॥

પદાર્થ:-जीवाः (જીવો) स्वभावतः (સ્વભાવથી) दुष्टाः (દુષ્ટ છે) दोषाभावाय (દોષ ન રહે માટે) सर्वदा (નિરંતર) श्रवणादि (શ્રવણ કીર્તન વગેરે) ततः (તેમ કરવાથી) प्रेम्णा (પ્રેમ વડે) सर्वं (સર્વ) कार्यं (કાર્ય) हि (કારણ કે) सिध्यति (સિદ્ધ થાય છે.)

ભાવાર્થ:-જીવો સ્વભાવથી દુષ્ટ છે. દોષ ન રહેવા માટે નિરંતર જીવોએ શ્રવણ,[2] કીર્તન વગેરે કરવાં, કારણ કે તેમ કરવાથી પ્રેમલક્ષણા ભક્તિ વડે સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

પ્રિય ભક્તને નિયમિત રીતે ભોગ પણ આપે છે. ત્યારે એમ સમજવું કે જેને શિવજીએ મોક્ષ આપ્યો હોય, તે શિવજીનો અતિપ્રિય ભક્ત છે, અને જેને વિષ્ણુએ ભોગ આપ્યો હોય, તે વિષ્ણુનો અાતપ્રિય ભક્ત છે. એ પ્રમાણે નિયમિત રીતે જેને શિવજીથી મોક્ષ અને વિષ્ણુથી ભોગ મળે તે જીવનાં બે સાધન સિદ્ધ થાય છે. એક તો તેનાપણું શિવજીના અથવા વિષ્ણુના સેવકપણું અને બીજો તેનો શિવજી અથવા વિષ્ણુનો આશ્રય. એમ બન્ને સિદ્ધ થાય છે. ૧. વિષ્ણુભજન અને શિવભજન એ એક એકના પ્રત્યે સાધનરૂપ છે. વિષ્ણુભજન મોક્ષનું અને શિવભજન ભોગનું સાધન છે. વિષ્ણુભજન કરીને વિષ્ણુ પાસે ભોગ માગે તો વિષ્ણુને શ્રમ પડે અને શિવભજન કરીને શિવ પાસે મોક્ષ માગે તો શિવજીને મોટો શ્રમ પડે.

૨. શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, આત્મનિવેદન એ નવ પ્રકારની ભક્તિ સિદ્ધ થયા પછી પ્રેમલક્ષણા ભક્તિ પ્રાપ્ત થાય છે, તે પ્રાપ્ત થયા પછી સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

સિદ્ધાંત શો થયો તે ઉપદેશે છે:—

मोक्षस्तु विष्णोः सुलभो भोगश्च शिवतस्तथा ॥
समर्पणेनात्मनो हि तदीयत्वं भवेद् ध्रुवम् ॥ १७ ॥

पदार्थः—मोक्षः (મોક્ષ) तु (તો) विष्णोः (વિષ્ણુથી) सुलभः (સહેલાઇથી મળી શકે તેમ છે). भोगः (ભોગ) च (અને) शिवतः (શિવથી) तथा (તેમ) समर्पणेन (સમર્પણથી) आत्मनः (પોતાના) हि (ખચિતજ) तदीयत्वं (તેનાપણું) भवेत् (થાય) ध्रुवम् (નક્કી).

ભાવાર્થઃ—મોક્ષ તો વિષ્ણુથી તેમ ભોગ શિવજીથી સહેલાઇથી મળી શકે તેમ છે. ખચિત જ પોતાનાં[1] સમર્પણથી તેનાપણું નક્કી થાય.

સમર્પણ ન કરે તેની શી ગતિ થાય તે સ્પષ્ટ કરે છે:—

अतदीयतया चापि केवलश्चेत् समाश्रितः ॥ १९ ॥
तदाश्रयतदीयत्वबुद्ध्यै किंचित् समाचरेत् ॥
स्वधर्ममनुतिष्ठन् वै भारद्वैगुण्यमन्यथा ॥ १९ ॥

पदार्थः—अतदीयतया (તેનાં પણા વિના) च (અને) अपि (પણ) केवलः (ફક્ત) चेत् (હોય) समाश्रितः (આશ્રય કરીને રહેલો) (તો મોક્ષ થાય) तदाश्रयतदीयत्वबुद्ध्यै (તેનો આશ્રય અને તેનાપણું એ જાણવા માટે) किंचित् (કાંઇક સાધન) समाचरेत् (કરવું.) स्वधर्मं (પોતાના ધર્મનું) अनुतिष्ठन् (અનુષ્ઠાન કરતાં કરતાં) वै (નક્કી) भारद्वैगुण्यं (બમણો ભાર) अन्यथा (સ્વધર્મને ન અનુસરે તો).

---

૧ પોતાનું જે કહેવાતું હોય તે પ્રભુને સમર્પવાથી તેના એટલે તે પ્રભુના થવાય છે, અને તેથી તેનાપણું પણ પ્રાપ્ત થાય છે.

ભાવાર્થઃ–તેના[1] પણા વિના ફકત આશ્રય કરીને રહેલો હોય તો પણ મોક્ષ થાય. તેનો આશ્રય અને તેનાપણું એ બન્ને જાણવા માટે ગુરુ પાસે જવું વગેરે કાંઇક સાધન કરવું, અને તે પણ પોતાના ધર્મનું અનુષ્ઠાન કરતાં કરતાં સ્વધર્મને ન અનુસરે તો બમણો ભાર થઈ જાય.

ગ્રન્થ સમાપ્ત કરતાં કહે છે કે:–

इत्येतत् कथितं सर्वं नैतज्ज्ञाने भ्रमः पुनः ॥

પદાર્થ:–इति (એ પ્રકારે) एतत् (આ) कथितं (કહેલું છે.) सर्वं (સર્વ) न (નથી) एतज्ज्ञाने (એ જ્ઞાનમાં) भ्रमः (ભ્રાન્તિ) पुनः (ફરીને).

ભાવાર્થઃ–એ પ્રકારે આ ઉપરનું સર્વ કહેલું છે. એ જ્ઞાનમાં ફરીને ભ્રાન્તિ થતી નથી.

બાલબોધ ગ્રંથ સમાપ્ત.

---

૧. સમર્પણ કરીને તેનાપણું મેળવ્યા સિવાય માત્ર વિષ્ણુનો જ આશ્રય કરી રાખે તો મોક્ષ થાય, પણ તે મોક્ષ તેનાપણું પ્રાપ્ત કર્યા જેવો ન સમજવો.



પ્રસ્તાવના.

બાલબોધ ગ્રંથ પ્રકટ કર્યા પછી શ્રીમદ્વલ્લભાચાર્યજીએ સિદ્ધાંત-મુક્તાવલી ગ્રંથ પ્રકટ કર્યો છે. બાલબોધ પછી સિદ્ધાંતમુક્તાવલીનો પ્રારંભ કરવાનું કારણ શું અને સિદ્ધાંતમુકતાવલી અને બાલબોધ વચ્ચે શું સંબંધ રહેલો છે એ જાણવાની ઇચ્છા સ્વાભાવિક રીતે થવી જ જોઇએ. એ જીજ્ઞાસા થતાંની સાથે બાલબોધ ગ્રંથમાં કયો સિદ્ધાંત પ્રતિપાદન કર્યો છે, તેનું સ્વરૂપ જાણવું જોઇએ, માટે બાલબોધ ગ્રંથનો ટુંકમાં સાર આપવામાં આવે છે.

બાલબોધ ગ્રંથનો સાર.

જીવે ચાર પુરુષાર્થો સિદ્ધ કરવાના છે. ૧ ધર્મ, ૨ અર્થ; ૩ કામ અને ૪ મોક્ષ. એ ચારે પુરુષાર્થોનાં સ્વરૂપનો વિચાર બે રીતે થયલો છે. એક તો વેદ આદિ શાસ્ત્રોમાં ઈશ્વરે તેનો વિચાર કરેલો છે, અને ધર્મ-શાસ્ત્રોમાં જીવોએ એટલે કે મનુ આદિ ઋષિઓએ એ ચારે પુરુષાર્થોનો વિચાર કરેલો છે. ઈશ્વરે જે વિચાર કર્યો છે, તે વિચાર મુખ્ય છે, અને તે વેદથી સિદ્ધ છે, અને તે અલૌકિક કહેવાય છે. મનુ આદિ ઋષિઓએ વિચારેલા પુરુષાર્થો લૌકિક ગણાય છે. જીવોએ વિચારેલા ચાર પુરુષાર્થો-માંના પહેલા ત્રણ પુરુષાર્થો તો અનુક્રમે–ધર્મરૂપ પહેલો પુરુષાર્થ મનુ આદિ ઋષિઓએ વિચાર્યો છે, અર્થરૂપ બીજો પુરુષાર્થ બૃહસ્પતિ આદિ નીતિશાસ્ત્રકારોએ સમજાવ્યો છે, અને કામરૂપ ત્રીજો પુરુષાર્થ વાત્સ્યાયન આદિ ઋષિઓએ સ્પષ્ટ કર્યો છે. એ રીતે જીવોએ ત્રણ પુરુષાર્થોના સંબંધમાં ઘણું સ્પષ્ટ રીતે લખીને એ પુરુષાર્થોનું સ્વરૂપ સમજાવ્યું છે. એટલે તે ત્રણ પુરુષાર્થોના સંબંધમાં કાંઈ કહેવાનું રહેતું નથી. માત્ર જીવોએ વિચારેલા મોક્ષરૂપ પુરુષાર્થનું કાંઇક સ્વરૂપ દર્શાવવાની જરૂર છે. જીવોએ મોક્ષનો વિચાર કેવી રીતે કર્યો છે, તે અવશ્ય જાણવું જોઇએ.

જ્યાં સુધી જીવોએ વિચારેલા પુરુષાર્થોનું સ્વરૂપ જાણવામાં આવે નહિ ત્યાં સુધી ઈશ્વરે વિચારેલા પુરુષાર્થોની ઝાંખી થઈ શકે નહિ, માટે **બાલબોધ** ગ્રંથમાં જીવોએ વિચારેલા પુરુષાર્થોનું સ્વરૂપ જ વર્ણવ્યું છે; ઈશ્વરે વિચારેલા અલૌકિક પુરુષાર્થોનું સ્વરૂપ નથી વર્ણવ્યું એ ખાસ લક્ષમાં રાખવું. ઋષિઓએ વર્ણવેલા પુરુષાર્થોનું સ્વરૂપ, તેમાં પણ મુખ્યત્વે કરીને મોક્ષરૂપી છેલ્લા પુરુષાર્થનું સ્વરૂપ જ **બાલબોધ**માં સ્પષ્ટ કર્યું છે.

સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ શા માટે?

જ્યારે બધા પુરુષાર્થોનું વર્ણન **બાલબોધ** ગ્રંથમાં આવી જાય છે, ત્યારે **સિદ્ધાંતમુકતાવલી** ગ્રંથ શામાટે? એવો પ્રશ્ન ઉદ્દ્ભવ્યા વિના રહેતો નથી; પરંતુ એ પ્રશ્નનું ઉત્તર તદ્દન સરળ છે. તે એ કે **બાલબોધ**માં તો માત્ર જીવોએ વિચારેલા પુરુષાર્થોનું જ નિરૂપણ કર્યું છે, ઈશ્વરે વિચારેલા પુરુષાર્થોનું નિરૂપણ કર્યું નથી. જેઓ ઈશ્વરે વિચારેલા પુરુષાર્થોને જાણવાની ઇચ્છા ધરાવનારા છે, તેને માટે અવશ્ય એક જૂદો ગ્રંથ પ્રકટ કરવાની જરૂર છે, અને તેમાં ઈશ્વરવિચારિત પુરુષાર્થોનું સ્વરૂપ આલેખવાની આવશ્યકતા છે. આ હેતુથી જ શ્રીઆચાર્યજીએ **બાલબોધ** ગ્રંથ પછી તુરત જ **સિદ્ધાંતમુકતાવલી** ગ્રંથ પ્રકટ કર્યો છે.

સિદ્ધાંતમુક્તાવલી એટલે શું?

સિદ્ધાંતમુકતાવલી એટલે, સિદ્ધાંતરૂપી મોતીઓની પંક્તિ. ઈશ્વરે જે સિદ્ધાંતો પ્રકટ કર્યા છે, તે સિદ્ધાંતોરૂપી મોતીની એક માળા, તે **સિદ્ધાંતમુક્તાવલી** કહેવાય. વેદરૂપી સમુદ્રમાંથી ઉજ્જ્વલ, સ્વચ્છ, સિદ્ધાંતરૂપી મોતીઓની માળા, શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલી છે. એ ગ્રંથમાં વર્ણવેલા દરેક સિદ્ધાંતો નિર્મળ અને વેદ આદિના આધારવાળા છે. એથી જ શ્રીમહાપ્રભુજીના સેવક પુરુષોત્તમદાસ, જેઓનો કાશીમાં જ નિવાસ હતો, તેઓ જ્યારે કોઈ પંડિત શાસ્ત્રાર્થ કરવા આવે ત્યારે તેની પાસે **સિદ્ધાંતમુકતાવલી** ગ્રંથમાંના સિદ્ધાંતો કહેતા. એ બળવાન્ સિદ્ધાંતોની સામે કોઈ પંડિતથી કશી પણ શંકા ઉઠાવી શકાતી નહિ.

સિદ્ધાંતો કયા?

સિદ્ધાંતમુકતાવલીમાં નીચેના સિદ્ધાંતો તારવવામાં આવ્યા છે:—

૧. જીવ પ્રભુનો અંશ છે, માટે અંશીરૂપ પ્રભુની સેવા કરવી એ દરેક જીવનો મુખ્ય ધર્મ છે. સેવા બે રીતે થઈ શકે છે. શરીરથી અને દ્રવ્યથી. એ બે રીતે સેવા કરતાં કરતાં ફલરૂપ માનસી સેવા પ્રાપ્ત થાય છે.

૨. પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ પરંબ્રહ્મ શ્રીકૃષ્ણ જ છે.

૩. એ પૂર્ણ પુરુષોત્તમનું ધામ અને ગણી શકાય એવા આનંદવાળું અક્ષર બ્રહ્મ છે.

૪. એ અક્ષર બ્રહ્મ જ આ જગત્સ્વરૂપે પરિણામ પામે છે. જગત્ એ અક્ષર બ્રહ્મનું જ સ્વરૂપ છે.

૫. ઉપર અક્ષર બ્રહ્મનાં બે સ્વરૂપ છે એમ કહ્યું, તે ગંગાજીના દૃષ્ટાંતથી સારી પેઠે સમજાશે. ગંગાજીનાં બે સ્વરૂપો છે. ૧. આધ્યાત્મિક અને ૨. આધિભૌતિક. ગંગાજીનું આધ્યાત્મિક સ્વરૂપ તે એ કે ગંગાજી પોતાનું નામ દૂરથી લેનારનાં પાપને હરે છે, એવું ગંગાજીનું માહાત્મ્યવાળું સ્વરૂપ છે, તે આધ્યાત્મિક કહેવાય છે. ગંગાજીનું બીજું સ્વરૂપ જલપ્રવાહ છે, અને તે આધિભૌતિક છે. તેજ પ્રમાણે અક્ષર બ્રહ્મનું પ્રભુનાં ધામ-રૂપે દર્શન થાય તે આધ્યાત્મિક સ્વરૂપ સમજવું, જગત્સ્વરૂપે જણાય તે આધિભૌતિક જાણવું.

૬. ગંગાજીમાં અત્યંત ભક્તિ થવાથી ગંગાજીએ ભગીરથને જેમ સાક્ષાત્ દર્શન આપ્યાં, તે જે સ્વરૂપ છે તે ગંગાજીનું મૂળ આધિદૈવિક સ્વરૂપ છે. તેવી જ રીતે અહિં પણ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ એ આધિ-દૈવિક સ્વરૂપ છે.

૭. લોકમાં બીજાઓની કામના બ્રહ્મા આદિથી જ પૂરી થાય છે, અને ભકતોની કામના શ્રીકૃષ્ણથી જ પૂરી થાય છે.

૮. જીવ પોતે શુદ્ધ છે, પણ ચાળણી વચ્ચે રાખવાથી આકાશ જેમ કાણાંવાળું લાગે છે, તેમ જીવમાં પણ અજ્ઞાનથી દોષો ભાસે છે. તે અજ્ઞાનનાં નાશ થતાં પોતાનામાં શ્રીકૃષ્ણનાં દર્શન જીવને થાય છે.

૯. લૌકિક સ્વાર્થ માટે પ્રભુને ભજે તો દુઃખી થાય છે. દુઃખી થઇને પણ વૈરાગ્ય રાખીને પ્રભુને ભજે તો તેનો સંસાર ટળી જાય છે.

૧૦. ભક્તિમાર્ગમાં રહ્યા વિના પ્રભુને ભજે તો દુઃખી થાય છે, માટે આત્માનંદરૂપી સમુદ્રમાં સ્થિત પ્રભુનું ચિંતન કરવું.

૧૧. પોતાનાં અને પ્રભુનાં સ્વરૂપનું જ્ઞાન ન હોય તો પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરાયલા જીવોએ પૂજા ઉત્સવો જ્યાં થતા હોય ત્યાં જવું. તેવા અજ્ઞાની મર્યાદામાર્ગવાળાએ ગંગાજીના તટ ઉપર શ્રીમદ્‌ભાગવતનો પાઠ કરવો.

૧૨. પુષ્ટિમાર્ગમાં તો માત્ર અનુગ્રહ જ એટલે પ્રભુકૃપા જ મુખ્ય છે. જ્ઞાની અને ભક્તોઉપર પ્રભુકૃપા થાય તો માનસીસેવારૂપ પરમ ફળ તેમને મળે. માટે જ જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે. ભક્તિ ન હોય તો ભક્તિમાર્ગથી ભ્રષ્ટ થાય છે; ગંગાજીના તટ ઉપર રહેલા ભક્તિ વિનાના દુષ્ટકર્મ કરનારા માણસની પેઠે. માટે ભક્તિ તો અવશ્ય કરવી જ જોઇએ. ભક્તિ એ જ મોક્ષાધિક પરમ પુરુષાર્થ છે.

॥ श्रीकृष्णाय नमः ॥

श्रीमद्वल्लभाधीश्वरप्रणीता

सिद्धांतमुक्तावली.

શ્રીમદાચાર્યજી મહાપ્રભુજીએ ભગવાનની પ્રાપ્તિ માટે નિબંધગ્રંથમાં વૈદિક માર્ગ (યજ્ઞયાગાદિક) અને ભક્તિમાર્ગનું નિરૂપણ કર્યું છે, તેમ જ શ્રીદશમસ્કંધસુબોધિનીજીમાં એક સ્વતંત્ર ભક્તિમાર્ગ (વ્રજભક્તોનો) નિરૂપણ કર્યો છે. એ પ્રમાણે બન્ને જૂદા જૂદા ગ્રંથોમાં જૂદા જૂદા માર્ગો આપશ્રીએ દેખાડ્યા છે, તેનું કારણ શું? ત્રણે માર્ગો જૂદા જૂદા હોઇને જૂદું જૂદું ફળ આપે છે, એમ માનીને એ ત્રણે માર્ગ એકસરખા જ છે, એમાં કોઈ શ્રેષ્ઠ કે કોઈ ઉતરતો નથી; એમ નિશ્ચય કરવો કે એ ત્રણ પ્રકારે બતાવેલા માર્ગમાં અમુક માર્ગ જ શ્રેષ્ઠ છે એ સિદ્ધાંત દૃઢ કરવો? એવી રીતે નિજજનોનાં મનમાં એક પ્રશ્ન ઉઠે છે. એ પ્રશ્નનું સમાધાન શોધવા માટે પ્રયાસ કરનારા અને સેવાનું સ્વરૂપ અને તેનો અધિકાર આદિ વિષયોને જાણવા ઇચ્છનારાઓના સંતોષ માટે શ્રીમહાપ્રભુજીએ આ સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ રચ્યો છે. એ ગ્રંથનો પ્રથમ શ્લોક નીચે મુજબ છે:—

नत्वा हरिं प्रवक्ष्यामि स्वसिद्धांतविनिश्चयम् ॥
कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता ॥ १ ॥

પદાર્થઃ-हरिं (શ્રીહરિને) नत्वा (નમન કરીને) स्वसिद्धांतविनिश्चयं (પોતાના સિદ્ધાંતના નિશ્ચયને) प्रवक्ष्यामि (હું વિસ્તારીને કહું છું) कृष्ण-सेवा (સદાનંદ પ્રભુની સેવા) सदा (નિરંતર) कार्या (કરવી જોઇએ) सा (તે) मानसी (માનસી સેવા) परा (શ્રેષ્ઠ) मता (મનાયલી છે).

ભાવાર્થઃ—શ્રીહરિને નમન કરીને પોતાના સિદ્ધાંતના નિશ્ચયને હું વિસ્તારીને કહું છું. (મુખ્ય સિદ્ધાંત એ છે કે) સદાનંદ શ્રીકૃષ્ણ પ્રભુની સેવા[1] નિરંતર કરવી જોઇએ. (એમની સેવા ત્રણ પ્રકારની છે, તેમાં) તે માનસી સેવા શ્રેષ્ઠ મનાયલી છે.

માનસી સેવા એટલે શું અને તે કેવી રીતે સિદ્ધ થાય છે, એ આપશ્રી અર્ધા શ્લોકથી સ્પષ્ટ કરે છે:—

चेतस्तत्प्रवणं सेवा तत्सिद्ध्यै तनुवित्तजा ॥

પદાર્થઃ—चेतः (અંતઃકરણ) तत्प्रवणं (પ્રભુમાં પરોવાયલું રહે) सेवा (એ માનસી સેવા કહેવાય). तत्सिद्ध्यै (તે માનસી સેવા સિદ્ધ થવા માટે) तनुवित्तजा (દેહથી અને દ્રવ્યથી થઈ શકે તેવી સેવા).

ભાવાર્થઃ—અંતઃકરણ પ્રભુમાં પરોવાયલું રહે, એ માનસી[2] સેવા કહેવાય. તે માનસી સેવા સિદ્ધ થવા માટે દેહથી અને દ્રવ્યથી[3] થઈ શકે તેવી સેવા (કરવી જોઇએ).

---

૧. જીવો પ્રભુના અંશ છે, એથી જ સહજ દાસ છે. પ્રભુ અંશી છે, માટે સેવ્ય છે. એ કારણથી જીવનો મુખ્ય ધર્મ પ્રભુસેવાવિના બીજો હોય જ નહિ.

૨. ચિત્તનું વલણ નિરંતર પ્રભુ તરફ જ હોય. જેમ ગંગાજલનો પ્રવાહ સમુદ્ર ભણી સદા સર્વદા વહેતો રહે છે, તેમ અંતઃકરણની વલણ પ્રભુ-તરફ જ રહેવી જોઇએ. અંતઃકરણ પ્રભુમાં પરોવાયલું રહેવું જોઇએ. એવું અંતઃકરણ થયા પછી જે સેવા કરવામાં આવે, તે ફલરૂપ માનસી સેવા કહેવાય.

૩. ધનથી સેવા બે પ્રકારે થાય છે. એક તો દ્રવ્યનો વ્યય પ્રભુ-સેવામાં કરવો, અને પોતે જ સેવા કરવી એ એક પ્રકાર છે. બીજો પ્રકાર દ્રવ્ય ખરચીને બીજાઓ પાસે સેવા કરાવવી એ છે. પહેલો પ્રકાર ઉત્તમ છે અને બીજો પ્રકાર મધ્યમ છે.

માનસી સેવા સિદ્ધ થતાંની સાથે જ જે ગૌણ ફલો પ્રાપ્ત થાય છે તે આપશ્રી નિરૂપણ કરે છે:--

ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम् ॥ २ ॥

પદાર્થ:–ततः (તે માનસી સેવાથી) संसारदुःखस्य (અહંતામમતા-રૂપી સંસારના દુ:ખની) निवृत्तिः (નિવૃત્તિ) ब्रह्मबोधनम् (બ્રહ્મનું–જ્ઞાન)

ભાવાર્થ:–તે માનસી સેવાથી અહંતામમતારૂપી સંસારના[1] દુ:ખની નિવૃત્તિ (થાય છે અને) બ્રહ્મનું [2]જ્ઞાન (થાય છે).

માનસી સેવાથી બે ફલ પ્રાપ્ત થાય છે, તેમાંનું બીજું બ્રહ્મજ્ઞાન-રૂપી ફલ છે. એ બ્રહ્મજ્ઞાન તે અક્ષરબ્રહ્મનું જ્ઞાન છે. એ અક્ષરબ્રહ્મ છે તે પરબ્રહ્મ નથી, પરબ્રહ્મ તો એ અક્ષરબ્રહ્મથી પર શ્રીકૃષ્ણ છે, એમ આપ-શ્રી આજ્ઞા કરે છે:—

परं ब्रह्म तु कृष्णो हि सच्चिदानन्दकं बृहत् ॥

પદાર્થ:–परं (પર) ब्रह्म (બ્રહ્મ) तु (તો) कृष्णः (શ્રીકૃષ્ણ જ છે.) हि (કારણ કે) बृहत् (અક્ષરબ્રહ્મ) सच्चिदानंदकं (સત્, ચિત્ અને ગણિત આનંદરૂપ).

ભાવાર્થ:–[3]પરબ્રહ્મ તો શ્રીકૃષ્ણ છે. કારણ કે અક્ષરબ્રહ્મ સત્, ચિત્ અને ગણિત આનંદસ્વરૂપ છે.

---

૧. હું અને મારું એ જે મિથ્યા અભિમાન છે, એને અહંતામમતા-રૂપી સંસાર કહેવામાં આવે છે. એ અનિષ્ટ હોવાથી એની નિવૃત્તિ એટલે એ સંસારનો નાશ થઈ જવો એ એક ફળ છે.

૨. પોતાનામાં અને સમગ્ર જગતમાં અક્ષરબ્રહ્મનું જ્ઞાન થવું એ બ્રહ્મજ્ઞાન. અક્ષરબ્રહ્મ જીવરૂપે અને જગદ્રૂપે પરિણામ પામે છે, માટે જીવનું અને જગતનું અક્ષરબ્રહ્મરૂપે જ્ઞાન થવું ઇષ્ટ છે.

૩. અક્ષરબ્રહ્મથી પણ પર શ્રેષ્ઠ પુરુષોત્તમ તે શ્રીકૃષ્ણ છે. ૯

પરબ્રહ્મ તો શ્રીકૃષ્ણ છે, અને અક્ષરબ્રહ્મ ગણિત આનંદરૂપ છે એમ સિદ્ધાંત કરીને હવે અક્ષરબ્રહ્મનાં સ્વરૂપનું સ્પષ્ટીકરણ આપશ્રી કરે છે:–

द्विरूपं तद्धि सर्वं स्यादेकं तस्माद्विलक्षणम् ॥ ३ ॥

પદાર્થ–तत् (તે અક્ષરબ્રહ્મ) द्विरूपं (બે સ્વરૂપવાળું) हि (ખચિત જ) सर्वं (સર્વ જગદ્રૂપ) स्यात् (થાય) एकं (એક) तस्माद् (તે જગદ્રૂપથી) विलक्षणं (વિલક્ષણ).

ભાવાર્થ:–તે અક્ષર બે સ્વરૂપવાળું ખચિત જ છે. સર્વ [1]જગદ્રૂપે પ્રકટ થયલું એક સ્વરૂપ થાય અને એક તે જગદ્રૂપથી વિલક્ષણ થાય.

अपरं तत्र पूर्वस्मिन् वादिनो बहुधा जगुः ॥
मायिकं सगुणं कार्यं स्वतंत्रं चेति नैकधा ॥ ४ ॥

પદાર્થ:–पूर्वस्मिन् (અક્ષરબ્રહ્મનાં પ્રકટ થયલાં પહેલાં જગત્સ્વરૂપમાં) तत्र (તે) वादिनः (વાદીઓ) बहुधा (ઘણા પ્રકારે) अपरं (વેદથી ભિન્ન મત) जगुः (કહી ગયા છે.) मायिकं (માયામાંથી બનેલું), सगुणं (ગુણવાળું) कार्यं (કાર્યરૂપ) स्वतंत्रं (સ્વતંત્ર) च (અને બીજાં વેદવિરુદ્ધ મત) इति (એ પ્રમાણે) न (નથી) एकधा (એક પ્રકારે).

એટલે જે ત્રણે કાલમાં સત્તા ધરાવે. ચિત્ એટલે ચૈતન્યરૂપ. આનંદ એટલે સુખરૂપ. અક્ષરબ્રહ્મમાં આનંદ થોડો છે, અને શ્રીકૃષ્ણમાં અગણિત છે, એમ વેદ કહે છે માટે શ્રીકૃષ્ણ જ પરબ્રહ્મ છે એ સિદ્ધાંત છે.

૧. એ અક્ષરબ્રહ્મનાં બે સ્વરૂપ છે. એક સ્વરૂપ તો જગદ્રૂપ છે. જગત્સ્વરૂપે પ્રકટ થયલું સ્વરૂપ તે અક્ષર બ્રહ્મનું એક સ્વરૂપ કહેવાય છે. બીજું સ્વરૂપ તે જગત્સ્વરૂપ કરતાં વિલક્ષણ છે, એ બ્રહ્મરૂપ છે. એની જ્ઞાનીઓ ઉપાસના કરે છે. તેમાં જ્ઞાનીઓનો લય થાય છે. એ પૂર્ણ પુરુષોત્તમનાં ધામરૂપ છે. એવી રીતે અક્ષર બ્રહ્મનાં બે સ્વરૂપો થાય છે.

ભાવાર્થ:—અક્ષરબ્રહ્મનાં પ્રકટ થયલાં તે પહેલાં જગત્સ્વરૂપમાં વાદીઓ ઘણા પ્રકારે વેદથી ભિન્ન મત કહી ગયા છે. (કેટલાક) [1]માયામાંથી બનેલું, ([2]કેટલાક) ગુણવાળું, ([3]કેટલાક) કાર્યરૂપ, ([4]કેટલાક) સ્વતંત્ર, અને ([5]કેટલાક) બીજાં વિરુદ્ધ મત (કહે છે તેથી), એ પ્રમાણે એક પ્રકારે નથી. ૪

ઉપર જે વેદવિરુદ્ધ મતો ગણાવ્યાં છે, તેનું નિરાકરણ વેદના બળથી જ થઈ જાય છે, માટે તેનું અહિં ખંડન ન કરતાં પોતાના મતનું જ નિરૂપણ અહિં કરે છે. પોતાના વેદમતનું નિરૂપણ કરતાં પૂર્વોક્ત અવૈદિક મતોનું ખંડન એમને એમ જ થઈ જશે.

तदेवैतत्प्रकारेण भवतीति श्रुतेर्मतम् ॥

પદાર્થ:—तत् (તે અક્ષરબ્રહ્મ) एव (જ) एतत्प्रकारेण (એ પ્રકારે) भवति (થાય છે) इति (એવી રીતનું) श्रुतेः (શ્રુતિ—વેદનું) मतं (મત છે).

ભાવાર્થ:—તે અક્ષરબ્રહ્મ જ એ પ્રકારે (જગદ્રૂપે) થાય છે એમ શ્રુતિનું મત છે. (અથવા તો તે અક્ષરબ્રહ્મ નીચે જણાવેલા પ્રકારે જ થાય છે એમ શ્રુતિનું માનવું છે).

---

૧. કેટલાક વાદીઓ આ જગતને માયાએ બનાવેલું કહે છે અને તેને મિથ્યા માને છે. આવું માનનારા **માયાવાદી** કહેવાય છે.

૨. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ, એ ત્રણે ગુણો જેમાં રહેલા છે એવી પ્રકૃતિથી આખું બ્રહ્માંડ બનેલું છે એમ **સાંખ્યમતવાળા** માને છે.

૩. સૂક્ષ્મ પરમાણુમાંથી આ જગદ્રૂપ કાર્ય બનેલું છે એમ **ન્યાયમતવાળા** નૈયાયિકો માને છે.

૪. જગત્ તો સ્વતંત્ર છે, તેનો કોઈ કર્તા નથી, એમ **પૂર્વમીમાંસાવાળા** માને છે.

૫. **બૌદ્ધ, જૈન, શાક્ત** વગેરે મતો વેદવિરુદ્ધ છે.

વેદનું મત શું છે, તે જણાવે છે:–

द्विरूपं चापि गङ्गावज्ज्ञेयं सा जलरूपिणी ॥ ५ ॥
माहात्म्यसंयुता नृणां सेवतां भुक्तिमुक्तिदा ॥
मर्यादामार्गविधिना तथा ब्रह्मापि बुध्यताम् ॥ ६ ॥

પદાર્થ:–**द्विरूपं** (બે રૂપ) **च** (અને) **अपि** (પણ) **गंगावत्** (ગંગાજીની પેઠે) **ज्ञेयं** (જાણવાં) **सा** (ગંગા) **जलरूपिणी** (જલરૂપ છે). **मर्यादामार्गविधिना** (મર્યાદામાર્ગના નિયમ પ્રમાણે) **सेवतां** (સેવા કરનારા) **नृणां** (મનુષ્યોને) **भुक्तिमुक्तिदा** (ભોગ અને મોક્ષને આપનારી) **माहात्म्यसंयुता** (માહાત્મ્યથી યુક્ત છે.) **तथा** (તેવી રીતે) **ब्रह्म** (અક્ષરબ્રહ્મ) **अपि** (પણ) **बुध्यताम्** (જાણો).

ભાવાર્થ:–અને (અક્ષરબ્રહ્મનાં) બે [1]રૂપ પણ ગંગાજીની પેઠે જાણવાં. ગંગા[2] જલરૂપ છે. [3]મર્યાદામાર્ગના નિયમ પ્રમાણે સેવા કરનારા મનુષ્યોને ભોગ અને મોક્ષને આપનારાં અને માહાત્મ્યથી યુક્ત છે [4]તેવી રીતે અક્ષરબ્રહ્મ પણ જાણો.

---

૧. અક્ષરબ્રહ્મનાં બે રૂપ છે. એક તો મૂલસ્વરૂપ, જે પૂર્ણ પુરુષોત્તમનાં ધામરૂપ છે. બીજું જગત્સ્વરૂપ. ૨. ગંગાજીનાં પણ બે રૂપ છે. એક તો જલરૂપ કે જે પ્રવાહરૂપે નજરે પડે છે, વર્ષાઋતુમાં વધે છે અને ઉષ્ણકાલમાં ઘટે છે. આ રૂપને **આધિભૌતિક** કહે છે.

૩. વેદ અને ઋષિઓએ જે વિધિ કહેલો છે, તેને અનુસરીને ગંગાજીનું જે લોકો સેવન કરે છે, તેને ભોગ અને મોક્ષ ગંગાજી આપે છે. એવું ગંગાજીનું માહાત્મ્ય છે. એ માહાત્મ્યવાળું જે રૂપ તે ગંગાજીનું બીજું સ્વરૂપ છે. તે સ્વરૂપ **આધ્યાત્મિક** કહેવાય છે.

૪. ગંગાજીનાં જલરૂપ આધિભૌતિકરૂપની પેઠે અક્ષરબ્રહ્મનું જગદ્રૂપ એક સ્વરૂપ છે. ગંગાજીનાં માહાત્મ્યવાળાં આધ્યાત્મિક સ્વરૂપની પેઠે અક્ષર બ્રહ્મનું મૂલ પૂર્ણ પુરુષોત્તમનાં ધામરૂપ બીજું સ્વરૂપ છે.

અક્ષરબ્રહ્મનાં આધિભૌતિક અને આધ્યાત્મિક એમ બન્ને સ્વરૂપો ગંગાજીનાં દૃષ્ટાંતથી સ્પષ્ટ કરીને, હવે આધિદૈવિક સ્વરૂપ પણ એ જ દૃષ્ટાંતવડે સ્પષ્ટ કરવામાં આવે છે:-

तत्रैव देवतामूर्तिर्भक्त्या या दृश्यते क्वचित् ।
गङ्गायां च विशेषेण प्रवाहाभेदबुद्धये ॥ ७ ॥

પદાર્થ:—तत्र (તે ગંગાજીમાં) एव (જ) या (જે) देवतामूर्तिः (દેવતાનું સ્વરૂપ) भक्त्या (ભક્તિવડે) क्वचित् (કોઇક વેળાએ) दृश्यते (દૃષ્ટિગોચર થાય છે.) च (અને) गङ्गायां (દેવતાસ્વરૂપ ગંગાજીમાં) विशेषेण (વિશેષ ભક્તિવડે) प्रवाहाभेदबुद्धये (પ્રવાહથી ભેદ નથી એમ જ્ઞાન થવા માટે) (ગંગાજી પ્રત્યક્ષ થાય છે).

ભાવાર્થ:—એ [1] ગંગાજીમાં જ જે દેવતાનું સ્વરૂપ ભક્તિવડે કોઇક વેળાએ દૃષ્ટિગોચર થાય છે અને દેવતારૂપ ગંગાજીમાં વિશેષ ભક્તિવડે પ્રવાહથી ભેદ નથી. એમ જ્ઞાન થવા માટે ગંગાજી પ્રત્યક્ષ થાય છે.

---

૧. પ્રવાહરૂપ અને તીર્થરૂપ—માહાત્મ્યવાળું રૂપ), એ બે રૂપવાળાં ગંગાજીમાં એ બે સ્વરૂપ ઉપરાંત એક ત્રીજું દેવતાસ્વરૂપ ભકિતવડે દેખાય છે. વિધિ—પ્રમાણે ઉપાસના કરતાં તીર્થરૂપ આધ્યાત્મિક સ્વરૂપ જણાય છે. આધિદૈવિક દેવતાસ્વરૂપ તો ભકિતવડે જ જણાય છે. તે પણ કોઈક જ વેળાએ, જ્યારે ભકિતની વૃદ્ધિ થયેલી હોય ત્યારે જ, બધી વખતે નહિ. અને કોઈક ઉત્તમ ભકતને એની ભકિત વિશેષ હોવાથી જલના પ્રવાહમાં જ ગંગાજી સાક્ષાત્ દેવતાસ્વરૂપે દર્શન આપે છે. જે દર્શન કર્યાં પછી ગંગાજીનો પ્રવાહ અને ગંગાજીનું મૂલ દેવતાસ્વરૂપ ભિન્ન નથી, એમ જ્ઞાન થાય છે. એવી જ રીતે આ જગતરૂપી આધિભૌતિક રૂપમાં પણ ઉત્તમ ભકિતવડે જગત્ અને ભગવાન્ જુદા નથી એમ જ્ઞાન થવા માટે ભગવાન્ મૂલ સ્વરૂપે પ્રકટ થાય છે.

એ સંબંધમાં કાંઇક વિશેષ આજ્ઞા આપશ્રી કરે છેઃ—

प्रत्यक्षा सा न सर्वेषां प्राकाम्यं स्यात्तया जले ॥
विहिताच्च फलात्तद्धि प्रतीत्यापि विशिष्यते ॥ ८ ॥

પદાર્થઃ—सा (તે દેવતાસ્વરૂપ ગંગાજી) सर्वेषां (બધાને) प्रत्यक्षा (પ્રત્યક્ષ) न (નથી.) तया (એ ગંગાજીવડે) जले (જલમાં) प्राकाम्यं (અત્યંત કામનાવાળાપણું) स्यात् (થાય.) हि (કારણ કે) विहितात् (શાસ્ત્રોમાં કહેલાં) फलात् (ફલથી) प्रतीत्या (પ્રતીતિવડે) अपि च (પણ) तत् (જલ) विशिष्यते (વિશેષ થાય છે).

ભાવાર્થઃ—તે[1] દેવતાસ્વરૂપ ગંગાજી બધાને પ્રત્યક્ષ નથી. એ ગંગાજીવડે જલમાં અત્યંત કામનાવાળાપણું થાય. કારણ કે શાસ્ત્રોમાં કહેલા ફલથી પ્રતીતિવડે પણ તે જલ વિશેષ થાય છે.

ઉપર પ્રમાણે દૃષ્ટાંતનું વિસ્તારથી વર્ણન કર્યા પછી એ દૃષ્ટાંત ચાલુ પ્રસંગમાં કેમ બંધબેસતું થઈ પડે છે એ આપ શ્રી જણાવે છેઃ-

यथा जलं तथा सर्वं यथा शक्ता तथा बृहत् ॥
यथा देवी तथा कृष्णस्तत्राप्येतादिहोच्यते ॥ ९ ॥

---

૧. ગંગાજીનું મૂલ સ્વરૂપ તો કાંઈ સર્વને પ્રત્યક્ષ થતું નથી. પરંતુ તે દેવતાસ્વરૂપ ગંગાજી જલમાં છે, એમ ગંગારૂપ દેવતાનો જલમાં સંબંધ જણાયાથી ગંગાજલમાં પણ શ્રદ્ધાપૂર્વક સ્નાનપાન આદિ વ્યવહાર કરવાની કામના થાય છે. મૂલ દેવતાસ્વરૂપ જલમાં છે, માટે કામના પણ અત્યંત થાય છે, કે ક્યારે ગંગાજીનાં જલનાં દર્શન કરું અને તેમાં સ્નાન કરું? શાસ્ત્રોમાં ગંગાજીનાં જલનાં દર્શનનું, પાનનું તેનાથી સ્નાન કરવાનું ઘણું ફળ કહ્યું છે, તેની અંતઃકરણમાં પ્રતીતિ થયા પછી, તેનો અંતઃકરણમાં અનુભવ થયા પછી, તે ગંગાજલ પણ સર્વ જલ કરતાં વિશેષ થાય છે. એ પ્રમાણે જગતમાં પણ જે ભકતોના હૃદયોમાં પ્રભુ બિરાજે છે, તે ભકતો બીજા સાધારણ માણસો કરતાં વિશેષ ગણાય છે.

पदार्थः—यथा (જેમ) जलं (ગંગાજલ) तथा (તેમ) सर्वं (આ બધું જગત્) यथा (જેમ) शक्ता (સમર્થ માહાત્મ્યવાળાં ગંગાજી) तथा (તેવી રીતે) बृहत् (અક્ષરબ્રહ્મ) तत्र (ત્યાં) अपि (પણ) यथा (જેમ) देवी (મૂળ દેવતાસ્વરૂપ ગંગાજી) तथा (તેમ) इह (અહિં) कृष्णः (શ્રીકૃષ્ણ છે.) एतत् (એમ) उच्यते (કહેવાય છે).

ભાવાર્થઃ—દૃષ્ટાંતમાં જેમ ગંગાજલ છે, તેમ ચાલુ પ્રસંગમાં આ બધું જગત્ છે. ત્યાં જેમ સમર્થ માહાત્મ્યવાળાં તીર્થરૂપ ગંગાજી છે, તેમ અહિં અક્ષરબ્રહ્મ છે. ત્યાં જેમ મૂલ દેવતાસ્વરૂપ ગંગાજી છે, તેમ અહિં શ્રીકૃષ્ણ છે એમ કહેવાય છે.

સિદ્ધાંત સમજવાનું કોષ્ઠક.

ગંગાજી

૧. આધિદૈવિક.	૨. આધ્યાત્મક.	૩. આધિભૌતિક.
(મૂલ દેવતાસ્વરૂપ).	(તીર્થરૂપ).	(જલપ્રવાહરૂપ).

પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ.

૧. આધિદૈવિક.	૨. આધ્યાત્મિક.	૩. આધિભૌતિક.
(શ્રીકૃષ્ણ).	(અક્ષરબ્રહ્મરૂપ).	(જગદ્રૂપ).

જગત્‌ના સ્વરૂપનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છેઃ—

जगत्तु त्रिविधं प्रोक्तं ब्रह्मविष्णुशिवास्ततः ॥
देवता रूपवत् प्रोक्ता ब्रह्मणीत्थं हरिर्मतः ॥ १० ॥

पदार्थः—जगत् (જગત્) तु (તો) त्रिविधं (ત્રણ પ્રકારનું) प्रोक्तं (કહેવામાં આવ્યું છે) ततः (તેથી) ब्रह्मविष्णुशिवाः (બ્રહ્માજી, વિષ્ણુ અને

શિવજી એ ત્રણ) ब्रह्मणि (બ્રહ્મમાં) देवताः (દેવતાઓ) रूपवत् (સ્વરૂપની પેઠે) प्रोक्ताः (કહેવાયલા છે). इत्थं (એ પ્રમાણે) हरिः (શ્રીકૃષ્ણ એક જ) मतः (મનાયલા છે).

ભાવાર્થ:–જગત્ તો ત્રણ [1]પ્રકારનું કહેવામાં આવ્યું છે. તેથી બ્રહ્માજી, વિષ્ણુ અને શિવજી એ ત્રણે દેવતાઓ બ્રહ્મમાં સ્વરૂપની પેઠે કહેવાયલા છે. એ પ્રમાણે શ્રીકૃષ્ણ એક જ મનાયલા છે.

જગત્ ત્રણ ગુણોવાળું હોવાથી, અને એ ત્રણે ગુણોના અધિષ્ઠાતા બ્રહ્માદિક હોવાથી, સર્વ જગત્‌ના નિયામક ત્રણે દેવતાઓ હોવા જોઇએ. ભક્તો પણ જગત્‌માં જ આવી જતા હોવાથી તેના નિયામક પણ બ્રહ્માદિક ગણાવવા જોઇએ. એ સંશય ઉત્પન્ન થતાં નિર્ણય કરવામાં આવે છે:–

कामचारस्तु लोकेऽस्मिन् ब्रह्मादिभ्यो न चान्यथा ॥
परमानन्दरूपे तु कृष्णे स्वात्मनि निश्चयः ॥ ११ ॥

पदार्थः–अस्मिन् (આ) लोके (લોકમાં) कामचारः (સ્વતંત્ર રીતે ઇચ્છિતપ્રાપ્તિ) तु (તો) ब्रह्मादिभ्यः (બ્રહ્માદિ ત્રણ દેવથી), (છે), च (પણ) अन्यथा (બીજી રીતે) न (નથી). (ભક્તોને તો) स्वात्मनि (ઐહિક અને પારલૌકિક પુરુષાર્થસંબંધી) परमानन्दरूपे (પરમ આનંદસ્વરૂપ) कृष्णे (શ્રીકૃષ્ણમાં) (સ્વતંત્ર રીતે ઇચ્છિતપ્રાપ્તિ છે એવો) निश्चयः (નિશ્ચય) છે.

---

૧. ગંગાજીનું આધિભૌતિક સ્વરૂપ જલ એક પ્રકારનું જ છે, અને શ્રીકૃષ્ણનું આધિભૌતિક સ્વરૂપ જગત્ તો ત્રણ પ્રકારનું છે. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણના ભેદથી ત્રણ પ્રકારનું છે. એ ત્રણેના અધિષ્ઠાતા વિષ્ણુ, બ્રહ્માજી અને શિવજી છે. એ ત્રણે દેવતાઓના રૂપની પેઠે કહેવાયલા છે. દેવતાઓ જેમ ઇંદ્રના નિયમમાં રહે છે, સ્વતંત્ર નથી, તેમ બ્રહ્માદિક ત્રણ દેવો પણ સ્વતંત્ર નથી. અક્ષરબ્રહ્મમાં તેઓ ત્રણે છે, અને તે ત્રણેના નિયામક માત્ર એક શ્રીહરિ–શ્રીકૃષ્ણ જ છે એવો સિદ્ધાંત છે.

ભાવાર્થઃ–આ[1] લોકમાં સ્વતંત્ર રીતે ઇચ્છિતપ્રાપ્તિ થવી તે તો બ્રહ્માદિક ત્રણ દેવોથી છે, બીજી રીતે નથી. ભક્તોને તો ઐહિક અને પારલૌકિક પુરુષાર્થસંબંધે પરમ આનંદસ્વરૂપ શ્રીકૃષ્ણમાં સ્વતંત્ર રીતે ઇચ્છિતપ્રાપ્તિ છે એવો નિશ્ચય છે.

ઉપર પ્રમાણે સિદ્ધાંતનું પ્રતિપાદન કરીને, એ સિદ્ધાંત જાણીને શું કરવું તે આજ્ઞા કરે છેઃ––

अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ॥

પદાર્થઃ–**अतः** (એ કારણથી) **ब्रह्मवादेन** (આ સર્વ બ્રહ્મ છે એ વાદને અનુસરીને) **कृष्णे** (શ્રીકૃષ્ણમાં) **बुद्धिः** (બુદ્ધિ) **विधीयताम्** (કરો).

ભાવાર્થઃ–(આધિદૈવિક પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ છે) એ કારણથી, આ સર્વ બ્રહ્મ જ છે એ વાદને અનુસરીને શ્રીકૃષ્ણમાં બુદ્ધિ કરો.

હવે જીવનાં સ્વરૂપનો વિચાર કરે છેઃ––

आत्मनि ब्रह्मरूपे तु छिद्रा व्योम्नीव चेतनाः ॥ १२ ॥

પદાર્થઃ– **आत्मनि** (જીવાત્મા સંબંધે) (કહેવામાં આવે છે). **व्योम्नि** (આકાશમાં) **छिद्राः इव** (છિદ્રો હોયને શું એમ) **ब्रह्मरूपे** (અક્ષરબ્રહ્મમાં) **चेतनाः** (જીવો છે).

ભાવાર્થઃ–(હવે) જીવાત્મા સંબંધે કહેવામાં આવે છે. [2]આકાશમાં છિદ્રો હોય ને શું એમ અક્ષરબ્રહ્મમાં જીવો (જણાય છે).

---

૧. આ લોકમાં સ્વતંત્ર રીતે અનેક કામનાઓ પૂરી કરવી તે તો બ્રહ્માદિ દેવોના સ્વાધીનમાં છે. તેમનાથી જ તે થઈ શકે છે. ભક્તોને તો આ લોકના અને પરલોકના પુરુષાર્થોમાં ઇચ્છિતપ્રાપ્તિ થવી, એ શ્રીકૃષ્ણને આધીન છે. ભક્ત લોકોના સર્વ પુરુષાર્થો સિદ્ધ થવા એ શ્રીકૃષ્ણના હસ્તમાં છે. ભક્તો પોતાની ઇચ્છિતપ્રાપ્તિ થવા માટે શ્રીકૃષ્ણનો જ આશ્રય કરે છે એવો સિદ્ધાંત છે. ૨. ચાળણી વચ્ચે રાખીને આકાશ તરફ જોવાથી આકાશમાં ઝીણાં ઝીણાં કાણાં જણાય છે. તે માત્ર ચાળણી આડી હોવાથી જ જણાય છે,

મોક્ષદશાને પ્રાપ્ત થતાં જીવને કેવું જ્ઞાન થાય છે તે આપશ્રી ઉપદેશે છેઃ--

उपाधिनाशे विज्ञाने ब्रह्मात्मत्वावबोधने ॥
गङ्गातीरस्थितो यद्वद्देवतां तत्र पश्यति ॥ १२ ॥
तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन् ज्ञानी प्रपश्यति ॥

पदार्थः-**उपाधिनाशे** (અજ્ઞાનરૂપી ઉપાધિનો નાશ થયા પછી) **ब्रह्मात्मत्वावबोधने** (જીવાત્માનું અક્ષરબ્રહ્મરૂપે જાણવા રૂપ) **विज्ञाने** (અનુભવરૂપ જ્ઞાન થતાં), **गंगातीरस्थितः** (ગંગાજીના તીર ઉપર રહેલો પુરુષ) **यद्वत्** (જેમ) **तत्र** (ગંગાજીના પ્રવાહમાં) **देवतां** (ગંગાજીનાં મૂળ આધિદૈવિક સ્વરૂપને) **पश्यति** (જુએ છે), **तथा** (તેવી રીતે) **ज्ञानी** (જ્ઞાની પુરુષ) **स्वस्मिन्** (પોતાનામાં) **परं** (પર) **ब्रह्म** (બ્રહ્મસ્વરૂપ) **कृष्णं** (શ્રીકૃષ્ણને) **प्रपश्यति** (સારી પેઠે) (જુએ છે).

ભાવાર્થઃ-ગંગાજીનાં તીરઉપર રહેલો પુરુષ જેમ ગંગાજીના પ્રવાહમાં ગંગાજીનાં મૂળ આધિદૈવિક સ્વરૂપને જુએ છે, તેવી રીતે, અજ્ઞાનરૂપી ઉપાધિનો નાશ થયા પછી જીવાત્માનું અક્ષરબ્રહ્મરૂપે જાણવારૂપ અનુભવસહિત જ્ઞાન થતાં જ્ઞાની પુરુષ પણ [1]પોતાનામાં પરબ્રહ્મસ્વરૂપ શ્રીકૃષ્ણને જ સારી પેઠે જુએ છે.

તે ખરાં નથી, કારણ કે ચાળણી ખસેડી લેવાથી તે જણાતાં નથી. એવી જ રીતે જીવો સૂક્ષ્મ છે, અક્ષરબ્રહ્મરૂપ છે, પણ અજ્ઞાનથી તેમાં દુઃખીપણું, તુચ્છપણું વગેરે ધર્મો અનુભવાય છે. જીવ શુદ્ધ છે. જેમ મેરુરૂપી મહાસુવર્ણમાંથી એક સોનાનો કટકો જુદો કાઢી લેતાં તે પણ જેમ સુવર્ણ જ કહેવાય છે, તેમ જીવ અગ્નિમાંથી તણખા નીકળે તેમ અક્ષરબ્રહ્મમાંથી નીકળ્યો છે, માટે અક્ષરબ્રહ્મરૂપ છે.

૧. પોતાનામાં પ્રભુને જ જુએ છે. એ જ્ઞાનીનું સર્વસ્વરૂપ શ્રીહરિ જ છે. શ્રીહરિ વિના તે બીજું કાંઈ જોતો જ નથી. એવી રીતે જ્ઞાની થઈને પ્રભુનું

સંસારી થઇને પ્રભુને ભજે તો દુ:ખી થાય છે, એમ નિરૂપણ કરે છે. અર્થાત્ ઉપર મધ્યમ અધિકારીનું સ્વરૂપ જણાવ્યું, હવે હીન અધિકારીનું સ્વરૂપ જણાવે છે:--

संसारी यस्तु भजते स दूरस्थो यथा तथा ॥ १४ ॥
अपेक्षितजलादीनामभावात्तत्र दुःखभाक् ॥

પદાર્થ:–यः (જે) संसारी (સંસારમાં આસક્તિવાળો) भजते (ભજે છે). सः (તે) तु (તો) यथा (જેમ) दूरस्थः (ગંગાજીથી દૂર રહેલો પુરુષ) अपेक्षितजलादीनां (આવશ્યક જલાદિકના) अभावात् (અભાવથી) तत्र (ત્યાં) दुःखभाक् (દુ:ખ ભોગવનારો થાય છે). तथा (તેમ).

ભાવાર્થ:–જે [1]સંસારમાં આસક્તિવાળો (થઇને પ્રભુને) ભજે છે તે તો જેમ ગંગાજીથી દૂર રહેલો પુરુષ (ગંગાજીનું ભજન કરતાં) જેની ઘણી જ જરૂર પડે તેવાં ગંગાજળ આદિ (સાધનોના) અભાવથી દુ:ખી થાય છે, તેમ તે (સંસારી) દુ:ખ ભોગવનારો થાય છે.

ભજન કરે તો તેના ઉપયોગ માટે જે કાંઈ જોઇએ તો પ્રભુ જ તે સંપાદન કરી આપે છે. એવો જ્ઞાની ભક્ત કોઈ પણ વખતે દુ:ખી થતો નથી.

૧. ગંગાજીથી ઘણો દૂર રહીને ગંગાજીનું ભજન કરનારો પુરુષ એક રીતે દુ:ખી થાય છે. કારણ કે ગંગાજલ વગેરે સાધનો તેની પાસે છે જ નહિ. ગંગાજીનું તીર, ગંગાજીનો પ્રવાહ આદિ સમીપમાં હોય તો જ તે સુખથી ગંગાજીને ભજી શકે. દૂર રહેતાં દુ:ખી થાય. એ પ્રમાણે સંસારી થઇને સંસારમાં જ રહીને પ્રભુભજન કરે તો તેને પ્રભુના સ્વરૂપ સંબંધી પદાર્થો નથી મળ્યા માટે કલેશ જ થાય. સંસારમાં આસકિત રાખીને ભગવત્સ્વરૂપ સંબંધી પદાર્થો મેળવવાનો પ્રયાસ કરે, પણ તે મળે નહિ, તેથી સંસારીને અત્યંત દુ:ખ જ થાય છે.

ભક્તિમાર્ગમાં રહીને પ્રભુનું ભજન કરવું એમ આજ્ઞા કરે છેઃ--

तस्मात् श्रीकृष्णमार्गस्थो विमुक्तः सर्वलोकतः ॥१५॥
आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् ॥

પદાર્થઃ–तस्मात् (તેથી) श्रीकृष्णमार्गस्थः (શ્રીકૃષ્ણ ભગવાને પ્રકટ કરેલા ભક્તિમાર્ગમાં રહેનાર) सर्वलोकतः (સર્વ લોકથી) विमुक्तः (વિખુટો પડેલો એવો) आत्मानन्दसमुद्रस्थं (સ્વરૂપાનંદરૂપી સમુદ્રમાં સ્થિતિ કરનારા) कृष्णं (શ્રીકૃષ્ણને) एव (જ) विचिन्तयेत् (સ્મરણ કરે).

ભાવાર્થઃ–(સંસારી થઈને ભજતાં દુઃખી થાય છે,) તેથી શ્રીકૃષ્ણ ભગવાને પ્રકટ કરેલા ભક્તિમાર્ગમાં રહેનાર અને સર્વ લોકથી છૂટા પડેલા એવા થઈને સ્વરૂપાનંદરૂપી સમુદ્રમાં સ્થિતિ કરનારા શ્રીકૃષ્ણનું જ સ્મરણ કરવું જોઈએ.

लोकार्थी चेद् भजेत् कृष्णं क्लिष्टो भवति सर्वथा ॥१६॥
क्लिष्टोऽपि चेद् भजेत् कृष्णं लोको नश्यति सर्वथा ॥

પદાર્થઃ–लोकार्थी (લોકમાં પ્રતિષ્ઠા ધન મળે વગેરે સ્વાર્થવાળો) चेत् (જો) कृष्णं (શ્રીકૃષ્ણને) भजेत् (ભજે), सर्वथा (ખચિત જ, સર્વ રીતે) क्लिष्टः (ક્લેશવાળો) भवति (થાય છે). क्लिष्टः (એ પ્રમાણે ક્લેશ પામેલો) अपि (છતાં પણ) चेत (જો) कृष्णं (શ્રીકૃષ્ણને) भजेत् (ભજે) (તો) लोकः (બાધક સ્વાર્થ) सर्वथा (સર્વાંશે) नश्यति (નાશ પામે છે).

ભાવાર્થઃ–લોકમાં પ્રતિષ્ઠા મળે, ધન મળે, વગેરે સ્વાર્થ રાખીને જો શ્રીકૃષ્ણને ભજે તો ખચિત જ, સર્વ રીતે તેને ક્લેશ થાય છે. એ પ્રમાણે ક્લેશ પામીને પણ જો લોકથી વૈરાગ્ય આવતાં શ્રીકૃષ્ણને ભજે તો ભક્તિનો બાધક સ્વાર્થ સંસાર સર્વાંશે નાશ પામે છે.

ज्ञानाभावे पुष्टिमार्गी तिष्ठेत् पूजोत्सवादिषु ॥ १७ ॥

પદાર્થ:-पुष्टिमार्गी (પુષ્ટિમાર્ગમાં જેનો અંગીકાર થયો છે, તેવો ભક્ત) ज्ञानाभावे (પ્રભુનાં અને પોતાનાં સ્વરૂપનું જ્ઞાન ન હોય તો) पूजोत्सवादिषु (પૂજા ઉત્સવ આદિમાં) तिष्ठेत् (રહે).

ભાવાર્થ:-પુષ્ટિમાર્ગમાં જેનો અંગીકાર થયલો છે તેવા ભક્તે પ્રભુનાં અને પોતાનાં સ્વરૂપનું જ્ઞાન ન હોય તો જે ભગવન્મંદિરમાં પૂજા ઉત્સવ આદિ થતાં હોય ત્યાં રહેવું જોઇએ.

मर्यादास्थस्तु गङ्गायां श्रीभागवततत्परः ॥

પદાર્થ:-मर्यादास्थः (મર્યાદામાર્ગમાં સ્થિતિ કરનાર) तु (તો) गङ्गायां (ગંગાજી તટ ઉપર) श्रीभागवततत्परः (શ્રીમદ્ભાગવતના પાઠમાં તત્પર) થઇને રહે.

ભાવાર્થ:-પ્રભુનાં અને પોતાના સ્વરૂપનું જ્ઞાન ન હોય તો મર્યાદા-માર્ગમાં રહેનારાએ ગંગાજીના તટ ઉપર શ્રીમદ્ભાગવતનો પાઠ કરવા તત્પર થઇને રહેવું જોઇએ.

પુષ્ટિમાર્ગીય ભક્તમાં જે વિશેષ છે તે આજ્ઞા કરે છે:--

अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः ॥ १८ ॥

પદાર્થ:-पुष्टिमार्गे (પુષ્ટિમાર્ગમાં) अनुग्रहः (પ્રભુનો અનુગ્રહ) नियामकः (નિયમ કરનાર છે). इति (એ પ્રકારે) स्थितिः (સ્થિતિ છે).

ભાવાર્થ:-[1]પુષ્ટિમાર્ગમાં પ્રભુનો અનુગ્રહ નિયમ કરનાર છે, એ પ્રકારે સ્થિતિ છે.

---

૧. પુષ્ટિ એટલે પોષણ पोषणं तदनुग्रहः એ ભગવદ્વાક્યથી પોષણ એટલે પ્રભુનો અનુગ્રહ, પ્રભુની કૃપા-એ કૃપાનો માર્ગ તે પુષ્ટિમાર્ગ કહે-

મર્યાદામાર્ગના જ્ઞાની અને ભક્તને પણ ફલરૂપ સેવા પ્રભુના વિશેષ અનુગ્રહથી પ્રાપ્ત થાય છે એમ આપશ્રી જણાવે છેઃ--

उभयोस्तु क्रमेणैव पूर्वोक्तैव फलिष्यति ॥

પદાર્થઃ—उभयोः (મર્યાદામાર્ગના જ્ઞાની અને ભક્તને) तु (તો) क्रमेण (અનુક્રમે) एव (જ) पूर्वोक्ता (પૂર્વે કહેલી માનસી સેવા) एव (જ) फलिष्यति (ફલશે).

ભાવાર્થઃ—[1]મર્યાદામાર્ગના જ્ઞાની અને ભક્તને તો અનુક્રમે જ પૂર્વે કહેલી ફલરૂપ માનસી સેવા જ ફલશે.

ભક્તિમાર્ગની શ્રેષ્ઠતા કહે છેઃ--

ज्ञानाधिको भक्तिमार्ग एवं तस्मान्निरूपितः ॥ १९ ॥

પદાર્થઃ—एवं (શ્રીપુરુષોત્તમની પ્રાપ્તિ કરાવે આપે છે માટે) भक्तिमार्गः (પુષ્ટિભક્તિમાર્ગ) ज्ञानाधिकः (જ્ઞાન કરતાં શ્રેષ્ઠ છે.) तस्मात् (ગંગાજીના દૃષ્ટાંતથી) निरूपितः (નિરૂપણ કર્યો છે.)

ભાવાર્થઃ—એ [2]પ્રમાણે આધિદૈવિક મૂલ પૂર્ણ પુરુષોત્તમની પ્રાપ્તિ

વાય. એ પુષ્ટિમાર્ગમાં દરેક નિયમો પ્રભુના અનુગ્રહ**થી** જ રહે છે. એ માર્ગમાં સર્વનું નિયમન કરનાર બીજું કોઈ નથી, માત્ર ભગવદનુગ્રહ જ સર્વનું નિયમન કરે છે એવી સ્થિતિ છે.

૧. વેદવિધિ પ્રમાણે ચાલનારા જ્ઞાની અને ભકતોઉપર પણ જો પ્રભુનો અનુગ્રહ થાય ત્યારે જ્ઞાનીને પૂર્ણ પુરુષોત્તમનું જ્ઞાન પ્રાપ્ત થાય અને પછી ભકિત પ્રાપ્ત થાય, તેમ જ ભકતને પુષ્ટિમાર્ગની ભકિત પ્રાપ્ત થાય. એ પ્રમાણે થયા પછી તનુજાવિત્તજા કર્યા પછી ફલરૂપ માનસી સેવા સિદ્ધ થાય.

૨. જ્ઞાનમાર્ગમાં આધ્યાત્મિક અક્ષર બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને પરિણામે નદીઓ જેમ સમુદ્રમાં મળી જાય છે, તેમ એ જ્ઞાનવાળો

કરાવી આપે છે માટે પુષ્ટિભક્તિમાર્ગ જ્ઞાન કરતાં શ્રેષ્ઠ છે, એમ ગંગાજીના દૃષ્ટાંતથી નિરૂપણ કર્યો છે.

ગંગાજીના દૃષ્ટાંતનું બીજું પણ રહસ્ય બતાવે છે:-

भक्त्यभावे तु तीरस्थो यथा दुष्टैः स्वकर्मभिः ॥
अन्यथाभावमापन्नस्तस्मात् स्थानाच्च नश्यति ॥२०॥

પદાર્થ:—भक्त्यभावे (ભક્તિના અભાવમાં) तु (તો) तीरस्थः (ગંગાજીના તીર ઉપર રહેલો) यथा (જેમ) दुष्टैः (દુષ્ટ એવાં) स्वकर्मभिः (પોતાનાં કર્મોવડે) अन्यथाभावं (પાખંડ ભાવને) आपन्नः (પામેલો થાય છે) च (અને) तस्मात् (તે) स्थानात् (સ્થાનથી) नश्यति (નાશ પામે છે.)

ભાવાર્થ:—[1] ગંગાજીની ભક્તિ કરે નહિ, અને ગંગાજીના તીર ઉપર રહેલો હોય, અને જેમ દુષ્ટ એવાં પોતાનાં કર્મોવડે પાખંડ ભાવને પ્રાપ્ત થાય છે, પછી તે સ્થાનથી તે નાશ પામે છે એવી જ રીતે પ્રભુની ભક્તિ વિના નાશ પામે છે.

અક્ષર બ્રહ્મમાં મળી જાય છે. પુષ્ટિમાર્ગ તો આધિદૈવિક અને બ્રહ્મથી પણ પર એવા પૂર્ણ પુરુષોત્તમની પ્રાપ્તિ કરાવે છે, માટે તે જ્ઞાનમાર્ગથી ઉત્કૃષ્ટ હોય, તેમાં આશ્ચર્ય શું ?

૧. ગંગાજીના તટ ઉપર રહે, પરંતુ ગંગાજીની ભકિત કરે નહિ, અને પછી દુષ્ટકર્મ કરે, તેથી પાખંડીપણાને પ્રાપ્ત થાય, અને પછી જેમ તે સ્થાનથી નાશ પામે, તેમ ભકિતમાર્ગમાં રહે અને પ્રભુભકિત ન કરે, સંસારમાં આસકત રહે તો ભકિતમાર્ગથી નાશ પામે છે, ભક્તિમાર્ગથી ભ્રષ્ટ થાય છે, એમ સમજવું.

ગ્રંથની સમાપ્તિ કરતાં આજ્ઞા કરે છે કે:--

एवं स्वशास्त्रसर्वस्वं मया गुप्तं निरूपितम् ॥
एतद् बुध्वा विमुच्येत पुरुषः सर्वसंशयात् ॥ २१ ॥

પદાર્થ:-एवं (એ પ્રમાણે) गुप्तं (ગુપ્ત એવું) स्वशास्त्रसर्वस्वं (પોતાના શાસ્ત્રનું સર્વ રહસ્ય) मया (મેં) निरूपितं (નિરૂપણ કર્યું છે). एतत् (એને) बुध्वा (જાણીને) पुरुषः (પુરુષ) सर्वसंशयात् (બધા સંશયથી) विमुच्येत (અવશ્ય મુક્ત થવો જોઇએ).

ભાવાર્થ:-એ પ્રમાણે ગુપ્ત એવું પોતાના શાસ્ત્રનું રહસ્ય મેં નિરૂપણ કર્યું છે એને જાણીને પુરુષ બધા સંશયથી અવશ્ય મુક્ત થવો જોઇએ.

સિદ્ધાંતમુક્તાવલી ગ્રંથ સંપૂર્ણ.

श्रीगोकुलेन्दुर्जयति

વૈષ્ણવધર્મપતાકા.

ગોસ્વામિવર્ય શ્રી ૧૦૮ શ્રીદેવકીનંદનાચાર્યજી મહારાજના સ્મારક નિમિત્ત, ગોસ્વામિવર્ય શ્રી ૧૦૮ શ્રી વલ્લભાચાર્યજી મહારાજના વિદ્યાવિભાગ તરફથી વૈષ્ણવ સંપ્રદાયની સચિત્ર માસિકપત્રિકા **હિંદી** તથા **ગુજરાતી** ભાષામાં પૃથક્ પૃથક્ પ્રકાશિત થાય છે. જેમાં વૈષ્ણવ સંપ્રદાયના સિદ્ધાન્તો, વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યો અને પ્રધાન વૈષ્ણવોનાં જીવનચરિત્રો, વૈષ્ણવ સંપ્રદાયના ન્હાના ન્હાના ગ્રન્થોનાં ભાષાંતરો તથા વૈષ્ણવ સંપ્રદાયની ઉન્નતિના માર્ગદર્શક લેખો તથા કાવ્યો પ્રકટ થાય છે.

વાર્ષિક ન્યોછાવર ૨-૦-૦ પોસ્ટેજ સાથે. પત્રવ્યવહાર નીચેને ઠેકાણે કરવો.

પંડિત માધવ શર્મા,

સંપાદક—"વૈષ્ણવ ધર્મપતાકા."

ચંદાવાડી, મુંબઈ નં. ૪